વડોદરા રાજ્યના દેશી કેળવણી ખાતામાં ઇનામ
માટે મંજુર છે.

રત્ન ગ્રંથી.

અથવા

ટુંકી વાર્તાઓ.

પ્રસિદ્ધ કર્તા.

પુરષોત્તમ લલ્લુભાઇ મહેતા.

વડોદરા, લાડવાડા.

અને

રણછોડજી હીરાલાલ મહેતા.

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ:—અમદાવાદ.

કીંમત રૂ. ૦—૪—૦

રત્ન ગ્રંથી.

અથવા

ટુંકી વાર્તાઓ.

पूर्वजन्म जनितं पुराविदः कर्म दैवमितिसंप्रचक्षते।।
उद्यमेन तदुपार्जितं चिराद्दैवमुद्यम वशंन तत्कथम्।।

પ્રસિદ્ધ કર્તા.

પુરષોત્તમ લલ્લુભાઇ મહેતા.

અને

રણછોડજી હીરાલાલ મહેતા.

વડોદરા.

કીંમત રૂ. ૦—૪—૦

અર્પણ પત્રિકા.

મેહેરબાન રા. બા. મણિરાય ત્રીકમરાય.

બી. એ એલ. એલ. બી.

પહેલા નોંધણી તપાસણી કામદાર,

પ્રાંત વડોદરા અને અમરેલી.

મુ. વડોદરા.

આપ વિદ્યાને સ્તુતિપાત્ર ઉત્તેજન આપો છો;
દેશની ચઢતીને અંતઃકરણપૂર્વક લાગણી
ધરાવો છો; આપનામાં દયા, પ્રેમ, ધર્મ,
ઇત્યાદિ ગુણોએ નિવાસ કર્યો છે, વગેરે
આપના અનેક સદ્‌ગુણોથી આકર્ષાઇ
આ નાનકડું પુસ્તક આપસાહેબ-
ની પવિત્ર સેવામાં સપ્રેમ
અર્પણ કરીએ છીએ તે
સ્વીકારી કૃતાર્થ
કરશો.

અમે, છીએ, આપના આભારી

પ્રકાશકો.

પ્રસ્તાવના.

" અમારો દેશ પડતી સ્થીતિ ભોગવે છે, કંગાલ થઇ ગયો છે, સુધરેલી દુનિયાના વ્હોળા વ્યાપારથી નીચોવાઇ જાય છે " વગેરે ઉદ્દગારો કહાડવા કરતાં આવી પડેલી સ્થીતિને સુધારવા ઉપાયો યોજવા એમાં વધારે સ્વદેશાભિમાન રહેલું છે.

હીંદના જેવો ભીખારી થયેલો દેશ પૃથ્વીની સપાટીપર હાલ કોઇ નથી. અને એજ ભીખારી હીંદ, ઇંગ્લાંડ, યુનાઇટેડ સ્ટેટસ, ફ્રાન્સ, જર્મની, ને જાપાનની બરોબરી, સ્મૃદ્ધિની બાબતમાં કરશે તેની વચમાં ફક્ત કેટલોક વખતજ ઉભો છે--કેટલો તે કહેવાય નહિ, પરંતુ પ્રતાપી બ્રિટિશ છત્ર નીચે ભોગવાતી શાંતિ, કેળવણીનો વેગ, સફેદ દેવતા જેવું જાગૃત થતું સ્વધર્માભિમાન, ઇત્યાદિ આજુબાજુના સંજોગો જોતાં, હીંદ એક વખત આબાદ--સુખી દેશ થશે એવું અનુમાન કરનારા સાચા ભવિષ્યવાદી ઠરશે.

દેશના ઉદયને માટે આપણને ગમે તેટલી તીવ્ર લાગણી હોય તોપણ શું ?—લાગણી એકલીથી કંઇ ઉદય થઇ જાય છે ? સ્વદેશ પ્રેમી હીંદના દાદા નામદાર દાદાભાઇ નવરોજી અને બાબુ વોમેશચંદ્ર બૅાનરજીએ હીંદના ભલાની ખાતર, જીગરથી પણ વ્હાલા હીંદને ત્યજી, ૬૦૦૦ માઇલ છેટે વાસ કર્યો છે; સ્વદેશ પ્રેમી શેઠ જમસેદજી નસરવાનજી તાતા અને સ્વર્ગવાસી શેઠ ગોકળદાસ તેજપાળે દેશી બંધુઓના કલ્યાણને અર્થે પોતાના પરિશ્રમવડે ઉપાર્જન કરેલી દોલતની થેલીઓ છૂટી મૂકી છે, તેવીજ રીત્યે જ્યારે હીંદનો લંગડો વ્યાપાર

હમો કરનારી મંડળીઓ જાગશે સંખ્યાબંધ હીંદીઓ વૈભવમાં લોટતી પ્રજાઓનાં બજારો વચ્ચે દુકાનો ઉઘાડી દોલત મેળવશે ત્યારે હીંદના ઉદયની આશાનાં ચિન્હો બરોબર દેખાશે.

પણ હજુ "પર્યટન" ના સવાલ ઉપરજ આપણ કયાં એકમત થયા છીએ ? પરદેશમાં દોલત છે પણ ત્યાંથી ઉડીને આવશે ? અને તેની સાથે આપણાં સાંસારિક અનેક બન્ધનો આપણાં બાળ લગ્નો ! આપણાં કજોડાં ! આપણા કન્યાવિક્રયો ! આપણા ડોશી શાસ્ત્રો ! જુના વિચારવાળા અને સુધારાવાળાઓનું સંસાર વલોણું ! આપણી સ્ત્રીઓનું અજ્ઞાન ! આ દરેક સવાલ અને એવા બીજા સંખ્યાબંધ છે તે દરેક, જો આપણા ઉદયને દસ દસ વર્ષ જ પાછો હઠાડે તો આપણાથી કેટલામી ઉતરતી પેઢીનાં છોકરાં એ ઉદય જોવા ભાગ્યશાળી થશે ?

ઉપરના ઉદ્‌ગારો માટેજ જાણે આ પુસ્તકમાં આપેલી વાર્તાઓ લખાઇ હોય એમ જાણી મ્હેં તેને પ્રસિદ્ધીમાં મુકી છે. બીજી વાર્તાઓ કરતાં, આ વાર્તાઓ એટલાજ માટે જૂદી પડી જાય છે કે જયારે એક લાંબી નવલ કથામાં એકજ ઉદેશને અનુસરીને લખવાની આર્યગ્રંથકારોની પદ્ધતિ છે ત્યારે આ ટુંકી વાર્તાઓમાં પણ દેશ કાળને અનુસરીને એક કરતાં વધારે વિષયો ઉપર દરેકને જાણે લગભગ સરખી ઉપયુકતતા આપી વિવેચન કરવામાં આવ્યું છે. જેના ઉપર હું પ્રસ્તાવના લંબાવું તે કરતાં વાચક પોતેજ તેની ગણના કરે તે વાસ્તવીક ધારૂં છું

પ્રસિદ્ધ કર્તા.

રત્ન ગ્રંથી

અથવા.

ટુંકી વાર્તા.

વાર્તા ૧ લી.

વધારે મતે કામ કરવું.

વધારે મતે કામ કરવું.

વારતા ૧ લી.

ઘણા લોકો એવો ભુલ ભરેલો વિચાર કરે છે કે અખુટ દોલતવાળા હમેશાં સુખી હોય છેજ; તેમને જો આજની મારી વાતથી કંઇક બોધ મળશે તો આ વાત છાપામાં મોકલવાનો મારો શ્રમ સફળ થયો હું માનીશ. મારા પિતા પાસે જીંદગીનાં સુખનાં તમામ સાધનો હતાં. લાખો રૂપીઆ, ગાડી, ઘોડા, બાગ બગીચા અને મીલો તેમની માલકીનાં હતાં. અમદાવાદમાં અમારાં ચાર ઘર હતાં, સુરતમાં બે અને મુંબઇમાં મારા પિતાના આઠ માળા ઉપરાંત એક વાડી હતી. એક બે મોટી વેપારી કંપનીઓ, જેઓના મેનેજરો યુરોપીયનો હતા તેમાં મારા પિતાનો ભાગ હતો. અમદાવાદની મીલો કેટલાક રૂપીઆ ધીરી એમણે ઉભી રાખી હતી. મુંબઇમાં અમે ઘણે ભાગે રહેતાં. મુંબઇના લોકોને વ્યાપારમાં સારી સલાહ આપનાર તરીકે પણ મારા પિતાએ નામના મેળવી હતી. મારા પિતા મુંબઇમાં સુધારાની સભાઓમાં પણ આગેવાની ભર્યો ભાગ લેનાર તરીકે પ્રતિષ્ઠિત થયા હતા. મુંબઇની સ્ત્રી સમાજોમાં મારાં માતુશ્રી ઉલટ ભર્યો ભાગ લેતા હતાં. ટુંકામાં અમારો વૈભવ—દોલત—સુખમાં ઉપરથી જોનારને સ્વર્ગના જેવુંજ સુખ હતું.

પરંતુ આ તો ફકત અમારા સંસારની એકજ બાજુ મેં બતાવી. હું મુંબઇની એક કૉલેજમાં ઇન્ટરમીડીયેટમાં ભણુતો હતો. અમારા જેટલાજ ઉંચા કુળની ભણેલી સુશિક્ષિત બાળાને મારા પિતાએ મારા માટે શોધી કહાડી મારૂં લગ્ન તેની સાથે તેવામાં કર્યું. કેટલાક નિવૃત્તિના પ્રસંગમાં, અમારા કુટુંબમાં, સુધરેલી પ્રજાઓનાં કુટુંબોની પેઠે અમુક વિષય ઉપર ચરચા ચાલતી. તેમાં મુખ્ય વિષય મારે આગળ ભણીને શું કરવું તેના વિષેજ ચાલતો. કારણ કે એ વિષયપર મારે અને મારા પિતાને ઘણી વિરૂદ્ધતા હતી; તે કહાડી નાંખવાને મારા પિતા મથતા હતા. પરંતુ મારા "સીવીલીયન" થવાના વિચાર, અને મારા પિતાને મને એક મુંબઇ શહેરનો મોટો વેપારી બનાવવાના વિચારો વચ્ચેનો અખાત, હમેશની ચાલતી ચર્ચાએ વ્હોળો ને વ્હોળો બનાવવા માંડયો. મારી સ્ત્રી પરણીને ઘરમાં આવી તે પણ આ વખતો વખતની અમારી "કુટુમ્બી પાર્લામેન્ટ" માં સારો ભાગ લેવા લાગી. તે એક મુંબઇના સુધરેલા કુટુમ્બમાં જન્મેલી હોવાથી અને વળી મારા પિતાનો સ્વભાવ ઘણોજ નમ્ર ને આનંદી હોવાથી તેનો આ સભામાં લેવાતો ભાગ અમને ઘણોજ સુખકર થઇ પડયો. એક દિવસે સવારમાંજ અમે બધાં બેઠાં હતાં તેવામાં આ વિષય નીકળ્યો. મને તેનો બહુ કંટાળો હતો અને મારા પિતા વચ્ચે સારૂં ચાલે તેટલા સારૂ આ વિષયને હું દુર રાખવાજ યત્ન કરતો.

"મને એ વિષય ચર્ચાય તેનો બહુ કંટાળો છે—" મેં કહ્યું. "ગમે તેમ હોય ને! ભલે કંટાળો હોય; જ્યાં સુ

ધી એ વિષયનું સ્પષ્ટીકરણ તેં નથી કર્યું ત્યાં સુધી તારા ને મારા મનની સ્થીતિ ઘણીજ દુઃખી રહેવાની. ગમે તેટલું ભણ, ગમે ત્યાં નોકરી કર પરંતુ તું સુખી નહી થાય. મારા એક મિત્રે કહેલું મને આ વખત યાદ આવે છે કે જેની પાસે સાધન હોય છે તે આ દુનિયામાં ઉપયોગ કરતા નથી અને જેની પાસે સાધન નથી તે ફાંફાં મારે છે. તારી પાસે સાધન છે; હું જોઇએ તેટલા રૂપીયા આપું, વિલાયત, ચીન, જાપાન, અમેરીકા જઇ આવ અને એક સારો હુન્નર હાથ કરી લે. !"

મેં કહ્યું જે વાતનો મને ઘણો કંટાળો છે, જેને હું ધીક્કારૂં છું, તે ને તે વાત તમે પાછા આગળ ધરો છો. નથી મારે તમારી પેઠે વાણીયા થઇને મારી જીંદગી બગાડવી, પૈસો પાસે છે, અને કીર્તી, આબરૂ, માન, એનીજ માત્ર મને અપેક્ષા છે. હું વિલાયત જઇશ તો તે ફક્ત ત્યાંનાં મોટાંજ ભાષણો સાંભળવાને. અમેરીકા જઇશ તો ત્યાંના સુખ વૈભવ જોવાને. પરંતુ એ તમારાં કારખાનાં તમારી પાસેજ રહેવાદો. મ્હારે તો તેમનું નામ ન જોઇએ.

વાત વધી પડી—હું ખુરશી ઉપરથી ઉભો થયો. જોડે મારી સ્ત્રી પણ ઉઠી. એટલામાં મારી બ્હેને બીજી દરખાસ્ત મુકી:—

" ઉભા રહો ! ઉભા રહો ! ભાઇ આપણા બધાના "વોટ" ભેગા કરો. જો તમારી તરફેણમાં વધારે વોટ આવે તો તમે આગળ ભણવાનું વધારો, અને જો પિતાજીની તરફેણમાં વોટ વધી પડે તો તમારે તેમનું કહેલું કરવું. "

અરે જવા દે જવા દે એ હઠીલા છોકરાના વિચાર ! ઘણાએ સુધરશે વખત આવશે એટલે ! મારા પિતાએ ક-

હ્યું " મારી મરજી વિરૂદ્ધ કરશે તો તેનો ખરચ આપવા હું વિચાર કરીશ."

તેથી તો મારૂં મગજ મારા હાથમાંજ ન રહ્યું. હું ઉઠીને ચાલતો થનો હતો એટલામાં મારાં માતુશ્રીએ મને બેસાડયો, 'વોટ' લેવાનું નકી કર્યું. વોટ આપનારમાં માત્ર મારા પિતા, મારાં માતુશ્રી. મારી બેન, મારો નાનો ભાઇ, હું અને મારી સ્ત્રી એટલાં હતાં. તેમાં બધાંએ "વ્યાપાર" બાબત 'વોટ' આપ્યા. ફક્ત મારા પક્ષમાં મારી સ્ત્રીએ "નોકરી" નો વોટ આપ્યો. પરંતુ મારે આ વોટની પંચાત કરવી નહતી. મારાં માતુશ્રીને ખોટું ન લાગે તેટલાજ માટે હું ચાલ્યો ગયો ન હતો. અને હવે " ચાલો ત્યારે અમે હાર્યા" એટલું કહી ઉપર ઉપરથી જરા હસતું મોં રાખી હું ઉઠયો. અને મારા પુસ્તકાલય હોલમાં જઇ એક લાંબી ખુરશીપર પડયો, એટલામાં મારી સ્ત્રી મારી પાસે આવી અને કહેવા લાગી.

' મેં તો ફક્ત તમારા માનની ખાતરજ "નોકરી" માં મારો મત આપ્યો હો!"

" તેં ત્હારા અંતઃકરણ વિરૂદ્ધ વર્તવામાં મોટી ભુલ કરી" મેં કહ્યું.

"પણ તમને ખોટું લાગે એ મારાથી કેમ બને?!"

"એમાં ખોટું શેનું? જ્યારે તારો સ્વતંત્ર મત માગ્યો ત્યારે તારો જે હોય તેજ મત આપવો એજ તને ઘટિત હતું" મેં કહ્યું.

"વારૂ, હવે ગમે તેમ હોય, તમારા બે વચ્ચે સમાધાન થાય તેમ કરો. આપણા કુટુંબને આવા મત મતાંતર ઘટે? કો જાણે તો કેવું ખોટું?"

મેં કહ્યું " અમારા વચ્ચે કદી આ બાબતનું ઐક્ય

થવાનું નથી. જો; સાંભળ, એ, મને ખર્ચ આપવા કહેતા નથી તો હું કહુંછું કે મને પ્રાર્થના કરીને આપે તો પણ મારે તે લેવું નથી. હુ અહીંથી કલકત્તે જઇશ અને ત્યાં એક "ઓરેટરી" નો ક્લાસ છે ત્યાં દાખલ થઇશ, ને તેની સાથે અભ્યાસ આગળ વધારીશ.

મારી સ્ત્રીએ હવે ઘણીજ જીજ્ઞાસાથી કહ્યું " અને મારૂં શું?"

" તારે અહીં શાંતિથી કેટલોક વખત ગુજારવો પડશે "

"શી રીત્યે? જે કુટુંબથી હું વિરૂદ્ધ પડી તેમા હવે રહેવાય શી રીત્યે?" તે બોલી ઉઠી.

"પોતાનો સ્વતંત્ર મત પ્રકટ કરી તે બધાંની મહેરબાની મેળવીને રહેવાય" મે કહ્યું,

" જાઓ. જાઓ; એવી તે મહેરબાની મેળવાતી હશે ? મને તમે કેવી સ્થીતિમાં લાવીને મુકી ?" એટલું બોલતાં એની આંખમાં આંસુ આવી ગયાં.

"સ્ત્રીઓતો સહજ બાબતમાં પણ રડી નાંખે છે, અને પુરૂષો બિચારા તે રડવું સાચુ માનીને ગભરાય છે' આટલું કહીને મેં તેને સહજ હસાવી.

" ત્યારે શું તમે જશોજ ?"

" નિશ્ચય પૂર્વક" મેં કહ્યું.

" ને હું શું કરૂ ?"

"આ આપણી લાયબ્રેરીનો ઉપયોગ અને આનંદ!" મેં કહ્યું.

"મને તમારી હાજરી સિવાયનો કોઇ પણ આનંદ આનંદ તરીકે લાગવાનો નહિ; માટે તમારે મને સાથેજ રાખવી પડશે. " તે બોલી.

અમે લગભગ અડધો કલાક વાતચીત કરી બન્નેએ સાથે જવાનો નિશ્ચય કર્યો. પ્રથમતો ઘરમાંથી ઉપડવા માટે એવું બહાનું કહાડયું કે મારી તબીયતના ફેરફારને અર્થે મારે મહાબલેશ્વર જવાનું છે; ને સારવાર માટે મારી સ્ત્રી સાથે રહેશે. આ યુક્તિથી રજા તો મળી, બીજેજ દિવસે અમે બન્ને તૈયાર થયાં, તૈયાર થવાનું કશું હતું નહીં. ઘરમાંથી મારા પિતાની કમાણીનો કોઈ પણ પદાર્થ લેવા માટે મારી ખાસ ના હતી. ફક્ત મારી સ્ત્રીએ પોતાના પિતાને ત્યાંનું એક ટ્રંકને તેનાં કપડાં સાથે રાખ્યાં હતાં, મેં ફક્ત કપડાં શિવાય કાંઇ પણ નહોતું લીધું. બીજે દિવસે બપોરે પુનાની ટ્રેનમાં ઉપડવા હું ઉપરથી મારા પિતાના દિવાનખાનામાં નીચે ઉતર્યો. આજ મારા પિતા જાણી જોઇને એકે ઓફીસમાં ગયા નહતા. તેમને મારા જવા સબધી બીજો કંઇપણ વહેમ પડયો નહતો. પરંતુ મહાબલેશ્વર જેટલે પણ છેટે હું જાઉ તે વખતે મને જોવા તેમના પિતા તરીકેના સ્વાભાવિક સ્નેહે તેમને રોકી રાખ્યા હતા, હુ ઉતર્યો તેવોજ તેમણે પુછ્યું—

“ સાથે કેમ કશું રાખ્યું જણાતું નથી ? ”

“ મારા એક મિત્રના પરોણા તરીકે હું જવાનો છું તેમ છતાં એક ટ્રન્કતો અમો બન્નેએ થઇને રાખ્યું છે ” મેં કહ્યું.

મારા પિતા મારો મર્મ સમજી ગયા. મારાં માતુશ્રી જોડેજ ઉભાં હતાં તેમણે તો મારો શબ્દે શબ્દ ખરો માન્યો, મારા પીતાએ પોતાની શંકા મારી માતુશ્રીને જણાવતાં જરા આંચકો ખાધો, મારા પિતાને એક પળમાં ઘણા વિચાર આવ્યા, તે મેં જોયા પરંતુ એ તમામનું સમાધાન કરવા અમારા એકલાની હિંમત ચાલી નહીં.

અને " હું જાઉંછું " કરીને હું નીચે ઉતર્યો. મારી સ્ત્રી પણ જોડેજ ઉતરી, નીચે ચાકરે આવીને ટ્રન્ક મુકયું, કે અમે ઉપડયાં. સ્ટેશન પર મારી સ્ત્રીએ ફર્સ્ટકલાસની બે ટીકીટો લીધી અને અમે ઉપડયાં.

ગાડીમાં બેઠાં પછી મેં મારી સ્ત્રીનું ટ્રન્ક તપાસવા માંડયું. તેમાં અમારા બન્નેનાં કપડાં, ખપજોગ વાસણો, અને સાડા અગીઆર હજારની કરન્સી નોટો હતી. આ બધા તેના ખાનગી પૈસા હતા. અમારી ટીકીટો કલકત્તાની લીધી હતી. મારા પિતા મારે માટે હવે શું લાગણી ધરાવે છે તે જાણવા માટે મને તેમના તમામ કાગલો પહોચે તેવી ગોઠવણ કરવા માટે મહાબલેશ્વરના પોસ્ટ માસ્તરને કાગળ લખી નાંખ્યો. અને કલકત્તાના મહત્ આશ્રમ નામના હોટેલમાં જયાં અમે ઉતરવાનાં હતાં ત્યાંનું ઠેકાણું તેમાં લખ્યું હતું. અમે કલકતે ઉતર્યા, પાસે છુટા પૈસા ન હતા. એટલે રૂ. ૫૦૦ ની એક નોટનો કકડો વટાવવા માટે મારા ગજવામાં રાખવા ટ્રન્ક ઉઘાડીને મારી સ્ત્રીએ આપ્યો તે મેં લીધો. મજુરને માથે ટ્રન્ક ઉપડાવી અમે સ્ટેશન ઉપર મોટી ભીડની વચ્ચે ઉભાં રહ્યાં, ને કેટલીક મુસીબતે બહાર નીકળવા પામ્યાં. ટ્રન્કવાળો મજુર પછવાડે રહી ગયો હતો. તેની સહજ વાટ જોઇ પણ આવ્યો નહીં. મારી સ્ત્રીને સ્ટેશનના બહારના ભાગ ઉપર ઉભી રાખી હું તપાસ કરવા અંદર ગયો તો મજુર મળે નહીં. "છેતરાયાં ! અરે પ્રભુ !" કરી મેં નિશ્વાસ મુકયો પણ મને બીજી ક્ષણે ભાન થયું કે આ વાતનો હવે શોક કરવો કામનો નથી. જે થયું તે સારાને માટે એમ સંતોષ માની હસતે મ્હોડે હું બહાર આવ્યો. મારી સ્ત્રીએ તુર્તજ પ્રશ્ન કર્યો કે " મજુર હાથ લાગ્યે ? "

મેં હસીને કહ્યું "ચાલો હવે, આટલું બાકી હતુ તે પુરૂં થયું મેં કયારે ઘેરથી કાંઇપણ લેવાનો વિચાર પણ કર્યો હતો ?"

"ત્યારે શું મજુર જતો રહયો ? આપણ સ્ટેશન માસ્તરને સંભળાવીએ"

મેં કહ્યું "જવાદો, ભલું થયું તે ભાગી જંજાળ."

હું હસ્યા કરતો હતો અને મારી સ્ત્રી રડયા કરતી હતી. તે રડતી હતી તે જોઇને મને વધારે હસવું આવતું હતું છેવટ મેં કહ્યું " હવે ચાલો, આ ૫૦૦ નો એક કકડો તો આપણી પાસે હજુ છે, માટે ભાડાની ગાડી કરો. સ્ટેશન માસ્તરને કહેવાથી કંઇ હવે પત્તો લાગવાનો નહિં.

અમે ગાડી કરી; મારી સ્ત્રીએ પાછી વાત ઉપાડી.

"એ ૫૦૦ ની નોટ કહાડવા મેં ટ્રંક ઉઘાડી ત્યારે મજુરે ટ્રંકમાં જોયેલું હોવું જોઇએ નહિં વારૂ ?"

મેં કહ્યું "હવે થયું તે થયું આપણે હવે શું કરવું એજ વિચાર કરો."

ગાડી આવીને "આશ્રમ" આગળ ઉભી રહી. શું ભલો મેનેજર ! બંગાલાના બાબુઓ સ્વભાવિક રીતેજ આનંદી જણાય છે. અમને અંદર લીધાં અને અમારો ઓરડો બતાવ્યો. ઇંગ્રેજી હોટલોને પછાત મુકે એવી રીત્યે આર્યોએ હાલ કરી મુકેલી, ઇંગ્રેજી અને આર્ય પદ્ધતિના મિશ્રણની તેમની જીંદગીને છાજતી દરેક ચીજ ત્યાં તૈયાર હતી. અમે અંદર દાખલ થયાં ને અમારૂં ટ્રન્ક આવી ગયું એટલે મેનેજર નીચે ગયો, અને થોડીવારમાં અમારે માટે ફલાહાર લઇ આવ્યો, અને મને ઘણાજ આગ્રહ પૂર્વક તે લેવાને વિનંતી કરી. "પવિત્ર બંગાળાની

પવીત્ર ભુમિ, તારા માણુસો આવા વિનયવાન અને સુશીલ છે! ' મ્હેં મેનેજરને કહ્યું; અને ટેબલપરની સામગ્રી ઉપાડવા માંડી, મારી સ્ત્રી પણ એક અંગ્રેજી બાનુનેજ છાજે એટલી વીધી પૂર્વક મારી જોડેની બેઠકમાં બેશી ગઇ, વલી જરા ઉભી થઇ. આંસુ સુકાયાં હતાં તેથી જરા મો ધોઇ આવી અને બેઠી. મેનેજર પાસે ઉભો રહયો હતો. મેં "ઉપકાર માન્યો " એટલે તે ચાલતો થયો.

"આ તમારો વિનય ફકત પેલો ૫૦૦ નો કકડો રહયો છે ત્યાં સુધીજ ચાલવાનો ! આ લોક તો પૈસા લેવાની ખાતર બમણો વિનય બતાવેજ જુઓ ! હજુ પાછા તમે તો હસો છોજ !" કહીને પાછી મારી સ્ત્રી રડી પડી !

"આરસપ્હાણની આ ધોયેલી લાદી ઉપર પાછાં મોતી વેરાય છે," એમ કહી મેં તેનાં મોતી જેવાં આંસુ તરફ દૃષ્ટિ કરી અને ખુબ હસી પડયો.

"છો અમારે ! " કહીને તે રડવામાં વધી પડી. હજુ સુધી નિઃ શબ્દમય રૂદન હવે શબ્દ થવા લાગ્યું.

"બસ ! બસ ! પેલો મેનેજર જોશે, ને જાણી જશે. શું જોઇએ છે એમ પૂછવા તો હમણાં આવશેજ આવશે. પૈસા ખોવાય ત્યારે પુરૂષો રડતા હશે કે સ્ત્રીઓ ?"

એનું રડવું બંધ રહ્યું નહીં. એનો સરલ સ્વભાવ જોઇ મેં એને કોઇ દીવસ પણ માર્મીક વચન કહ્યું ન હતું, પરંતુ હવે એમ કરવાનો સમય આવ્યો અને મેં કહ્યું "આ પૈસા ગયા તે તારા પોતાના ખાનગી હતા માટે તને રડવું આવે છે કે હવે આપણુ શું કરી શું તેનું રડનું આવે છે તે હું સમજી શકતો નથી.

" તમેજ કહોને ! " એ બોલી, મને જરા માર્મીક

વચન તરફ સિંહાવલોકન કરતાં ડર લાગ્યો. હું પસ્તાવા લાગ્યો.

"મેં તો તને સહજ બોલાવવાજ પ્રયત્ન કર્યો હતો. તું હવે ધૈર્ય રાખ. સમજ-બુદ્ધિ-દીર્ઘદ્રષ્ટિ દુઃખ વખતે દીલગીર થવાથી ઘટે છે. તું સ્ત્રી છે. તને દીલગીરી થાય છે. કારણ કે તારી પાસે પૈસા પેદા કરવાનું સાધન નથી. હું પુરૂષ છું, અમારો ગમે તે રીતે પૈસા પેદા કરી તમને આપવાનો ધર્મ છે. મને જરા પણ બીતી નથી. આથી ભલેને એક હજાર ગણી સ્થીતી બગડે તો પણ શું ? પરદેશ આવ્યા છતાં તુતો જાણે હજુ ઘરમાંજ હોય એમ નીર-ભય વર્તન કરે એ ઠીક નહી. હજુ તારે પાછાં જવું હોય તો જઇ શકાશે. અને તેમ કરીશ તો તુ ત્યાં સુખી થ-ઇશને હું અહીં સુખી થઇશ કેમ શો વિચાર છે ?

આ વિચારથી તે સ્તબ્ધ બની. રડવું બંધ થયું, કં-ઇંક ભીતીથી તે ડગી. આંસુ સુકાઇ ગયાં, તેના મોઢાપરનું તેજ વધ્યું, પાછા જવાના વિચારે એક વાઘ-સિંહના દર્શન જેવી ભીતી ઉત્પન્ન કરી તે મેં પ્રત્યક્ષ જોઇ. તે બોલી "અવિનય માટે ક્ષમા કરવી એ આપનો ધર્મ છે. પેલા રોયા યુરેઝીયન ગાર્ડોને હાથે સ્ત્રીઓ-ભલેને તેઓ ફર્સ્ટ ક્લાસ પેસેન્જર હોય પણ તેમની ફજેતી વાંચી મને થરથર કંપારી આવે છે હવેથી મને એવું કહેશો નહી સ્ત્રીને બનતા સુધી રેલવેમાં એકલી મોકલાયજ નહિ. અને તે રેલવેનું અંધેર સુધરે તોપણ હું તો આપના ઘરની રાણી છું આપ ત્યાં મારૂં ઘર.

સાંજના ત્રણ વાગતે મેં મેનેજરને બોલાવી મારે માટે શહેરમાં "બાઉ બજાર" આગળ ગાડી ભાડે ક-રવા સુચના આપી.

આપને એકલાજ જવાનું છે કે બાઇ સાહેબ સાથે આવે છે ?" તેણે હિંદુસ્તાનીમાં કહ્યું.

અદ્યાપિ સુધી મ્હેં તો જાણે એકલાજ જવાનો વિચાર કર્યો હતો.

પણ મારી સ્ત્રીતો એમ સમજતી જણાઇ કે "મને કોઇ એકલી મુકીને જશે ?" તેમ મેં તેના મ્હોંપરથી જાણ્યું. એનું મ્હોં સહજ દયામણું બન્યું. એટલે મ્હેં જાણ્યું કે તે સાથે આવવા માગે છે. મ્હેં જરા—સહજજ મ્હો પરથી ભીતિ બતાવે તેમ કર્યું એટલે એ જવાબ સમજી ગઇ કે આ સાથે લઇ જવા માગતા નથી. પણ અમારી આ "વાયરલેસ ટેલીગ્રાફી" અમારા વચ્ચેજ ચાલી. મેનેજર તો મારા સામે ઉભોજ હતો. મેં તેને હવે જવાબ આપ્યો કે મારે એકલાનેજ જવાનું છે. એ ગયોને તુરત જ એક ભવ્ય દેખાવની, સાક્ષાત લક્ષ્મી સ્વરૂપ જેવી સૌંદર્ય મૂર્તિ સમાન એકત્રીશ વર્ષની બંગાલી સુંદરી અમારા ઓરડાના બારણા નજીક આવી ઉભા રહી. મારી સ્ત્રીના જ સામું જોઇને તેણીએ હિંદુસ્તાનીમાં જણાવ્યું કે—"બાઇ સાહેબની પાસે રહેવા મને આજ્ઞા થઇ છે."

મારી સ્ત્રીએ મને ખુશીથી રજા હવે આપી. હું તે બન્નેને વાત કરતાં ઓરડામાં રહેવા દઇ નીકળ્યો.

હવે મારી જીંદગીનો એકડો શરૂ થયો. મારે ભણવું કે નોકરી લેવી એ સવાલ મને ઉભો થયો. પાંચસે રૂપીઆ બે મહિનાનામાં ઉડી જાય એમ હતું. આશ્રમમાં ઉંચી પંકિતનાં ભોજન અને તે સાથે અમોએ અદ્યાપિ સુધી ભોગવેલી સુખી જીંદગીના સાથે રહેલી રકમ નજીવી લાગી. મારી સ્ત્રીને આ સવાલના ફંદામાં ભેગી ભેળવવાનું મને ગમ્યું નહીં. કારણ કે તેના સ્વભાવની મૃદુતા એ

ટલી બધી હતી કે તેના જેટલી નમ્ર સ્વભાવની બીજી કો- ઇ સ્ત્રી દુનિયામાં નહીં હોય એમ હું માનતો હતો. મૃદુ- તાનો ગુણ જો કે સ્ત્રીઓને શોભા આપનાર છે એમ હું માનતો હતો પરંતુ આના સ્વભાવમાં તો કંઇક દાળમાં એ વખત મીઠું પડયા જેવું મને જણાતું હતું.

એક મ્હોટી બંગાળી બાબુના છાપખાનાની કંપની માંજ હું જઇને ઉભો. અને મેનેજરને મલવા માગ્યું. મે- નેજરે મને જોઇ સારો આવકાર આપ્યો ખરો પણ જ્યારે મેં જણાવ્યું કે હું નોકરીની શોધમાં આવ્યો છું ત્યારે તેણે પ્રથમ આપેલું માન ધીમે ધીમે પાછું ખેંચી લેવા માંડયું. મારા સારા નશીબે ત્યાં બે જગાઓ ખાલી હતી. એક સો રૂપીઆની સબ એડીટરની, અને બીજી ૨૦ રૂ. ના પ્રુફ રીડરની. પરંતુ તે બેમાં એક મારાથી બને તેમ નહતું કારણ કે સો રૂપિઆવાલી જગામાં પાંચ હજારની જામીનગીરીની જરૂર હતી. અને મારી પાસે હવે કંઇ રહ્યું ન હતું. તેમ મારા પીતા અગર તેમના કોઇપણ સબંધી પાસેથી કાંઇપણ ન મંગાવવા મેં નિશ્ચય કર્યો હતો. અને ૨૦ રૂ. વાલી જગામાં હું રોકાઉં, તો આગળ અભ્યાસ થાય તેમ ન હતું. ભણતું ને નોકરી બે સાથે ન હીજ બને એમ મને નિશ્ચય થયો અને આવા વીચીત્ર સં- જોગોમાં ૨૦ રૂ. નોકરી લેવા બાબતના ખતમાં મેં સહી કરી આપી.

હું આશ્રમમાં સાંજે આવ્યો. મારી સ્ત્રીની કદી પ- ણ મને બીક લાગી હોય તો તે આજેજ હતી. તેને શું કહેવું ને શો દીલાસો આપવો તેની મને ગભરામણ થવા લાગી. હું મારા ઓરડામાં પેઠો તે વખતે ભલી બંગાલી બાબુ સ્ત્રી ચાર પાંચ પુસ્તકો સમેટી લઇને બહાર આવી.

કહો શું કરી આવ્યા ? એણીએ પ્રશ્ન કર્યો.

કહો, આ સ્ત્રીની જોડે શું શું વાત ચાલી ? મેં ઉત્તર આપ્યો.

એટલામાં મેનેજર ગરમ ગરમ ચહા પોતાના નોકર જોડે લઇને આવ્યો. મેં મનમાં વિચાર કર્યો કે ઠીક થયું. બે ઘડી મારો આજનો ઇતિહાસનો સવાલ પાછો હઠયો, ચહા પીધા પછી મેં વાત ઉપાડી.

હિન્દુસ્તાનની ભાષા ન હત તો તમે બેઉ જણ શી રીતે વાત કરત !

આ સ્ત્રી સાક્ષાત દેવી જેવી છે હો. શું એનું સંસ્કૃત જ્ઞાન છે. વાહ ! એ આ મેનેજરની પત્ની છે. મેનેજર જો કે એક ગરીબ બ્રાહ્મણ છે તોપણ આ સ્ત્રીનો પિતા બંગાલાનો એક કુલીન સુપ્રસિદ્ધ બ્રાહ્મણ હોવાથી એ સ્ત્રી સંસ્કૃતનું ઘણું ઊંચુ જ્ઞાન ધરાવે છે. એ સંસ્કૃતમાંજ મારી સાથે વાત કરી શકી. પણ બન્યું મારૂ સંસ્કૃત જ્ઞાન ઓછું એટલે હું પૂરૂ સમજી શકી નહી, ને મેં હિંદુસ્તાનીમાં બોલવા વિનંતી કરી. એણીએ એક વાત કરી છે તે મને બહુ સારી લાગે છે, તે વાત જો કે જુના વખતની છે તે તમને નહી સારી લાગે પણ આજ્ઞા હોયતો કહું. ”

મને તેણીએ પ્રથમ પૂછેલો પ્રશ્ન ઉડી ગયેલો જોઇ, વળી કંઇક ચહાની ગરમીએ ઉત્પન કીધેલો તેના મોઢા ઉપરનો ઉત્સાહ, કંઇક ચહાની કેફ, કંઇક મારી થોડા વખત પછીની હાજરીએ તેને આપેલો આનંદ જોઇ હું ખુશી થયો ને મેં ઉત્તર આપ્યો કે—

“ એ વાત કહેવાને માટે હું આજ્ઞા નથી આપતો, પણ વિનંતી કરૂ છું. ભલે ચલાવો. ”

" કેમ કંઇ એટલું બધું ?! " કહી તે જરા શરમાઇ અને વાત ચલાવી " જુઓ, જુના વખતમાં બંગાલાના રાજાની રાણી એક વખત ગંગા તટે સ્નાન કરવા આવેલી તે સ્થળેજ બંગાલાના એક સુપ્રસિદ્ધ પંડિતની પત્ની પણ લુગડાં ધોતી હતી, ધોતાં ધોતાં પેલી બ્રાહ્મણીના ધોવાથી રાણીની સુવર્ણમય રત્ન જડીત બંગડી ઉપર છાંટા ઉડયા. પંડિતની સ્ત્રી એટલી ગરીબ હતી કે પહેરવા માટે કાચની બંગડી પણ હતી નહી એટલે " નાડાછડી " હાથે વીંટાળી તેની બંગડી કરી હતી, રાણીએ બ્રાહ્મણીને ઠપકો આપતાં કહ્યુ કે " અરે; ઓ ભિખારણ ! હાથમાં પહેરવા બંગડી તો મળતી નથી ને મોટા મોટા પછાડા શાના મારે છે ? "

બ્રાહ્મણી-" રાણીજી, તમારી એ સુવર્ણમય બંગડીનો ચળકાટ આ મ્હારી નાડાછડીના તેજને લીધે છે. સમજયાં ? ગર્વ જવા દો. ! "

રાણી ગુસ્સે થઇ મહેલમાં જઇ રાજાને કહ્યું કે હમણાં ને હમણાં એ કોણ છે તેનો તપાસ કરાવો. રાજાએ માણસો મોકલી તપાસ કરાવ્યો તો માલમ પડયું કે કાશીનો સુપ્રસિદ્ધ પંડિત જે ત્યાં આવી રહેતો હતો અને જેના ત્યાં રહેઠાણથીજ એ રાજા બધે પ્રખ્યાત હતો તેની સ્ત્રી તે માલુમ પડી. પછી રાજાએ રાણીને ઠપકો આપ્યો કે " એ સ્ત્રીએ કહેલી વાત ખરી છે. એના પતિને લીધેજ આપણા રાજયની પ્રખ્યાતિ છે. એ પ્રખ્યાત પંડીતના કુટુબમાં આ સ્ત્રી જન્મેલી છે. સમજ્યા ! મને તો તમારા પેઠે રસથી વાત કરતાં આવડતી નથી. જેમ આવ્યું તેમ બોલી "

" વારૂ, બહુ સારૂં કહ્યું. બીજુ કંઇ..બીજી કાંઇ વાત તેણીએ નથી કરી ? " મેં પૂછ્યુ.

એટલામાં જમવાનો વખત થયો, જોડેના ઓરડામાં અમારે માટે પીરસવામાં આવ્યું. કુટુંબો માટે જુદા હોલ-માં ભોજન વીધી રાખવાનો રીવાજ અહીં સારો હતો. અમે જઈને પાટલાપર બેઠાં.

તમે મને કહ્યું નહી કે તમે આજ શું કરી આવ્યા ? " તે બોલી.

હવે મારી ફજેતી થાય તેમ લાગ્યું. હું લક્ષાધીપતીનો પુત્ર, હજારો રૂપીઆનો હીસાબ ન ગણનાર માણસ, તેને માત્ર વીશજ રૂપીયાની નોકરી લેવી પડેલી, અને તે વાત મારી સમજુ અને કોમલ હૃદયની સ્ત્રી જોડે ખુલ્લી કરવાનો સમય આવ્યો તે જોઈ મને ઘણું લાગી આવ્યું, એક વખતતો તે વાત મેં પડતી મુકી બીજી વાતનો પ્રસંગ કહાડવા ફાંફાં માર્યાં તેમાં ફતેહમંદ થયો, અને હવે કાંતો જુઠું બોલવું અગર કાંતો વીશ રૂ. નીજ નોકરી મલી છે એમ જાહેર કર્યા વગર છુટકો ન રહયો. વીશ રૂ. ની નોકરી મેલવી છે. એ બોલતાં તો મારી જીભ ઉપડી નહીં. વળી આવી બાબતમાં એક નીરદોષ અસત્ય વચન, મારી પોતાની સ્ત્રી આગળજ તે બોલવાનું હોવાથી મારી ભીતી ઓછી થઇ ને મેં કહ્યું.

" મેં એક નોકરી મેળવી છે. "

" ક્યાં ? ! "

" એક સારા ખાતામાં છે. "

' ને કેટલો પગાર છે ? "

" બહુ ઓછો છે. "

" પણ કેટલો ? આપણું ખર્ચ નભી શકશેને ? તે સાથે વળી અભ્યાસ કરવાનો વિચાર રાખો છો તેનું શું '!

" પગાર જુજ છે ખર્ચ સહજ નભશે " મેં કહ્યું.

મારા શરીરમાં કંઇક થઇ આવ્યું. મારી સ્ત્રીના મુખ ઉપર નિર્દોષપણાનો, સત્યનો, વિજળી જેવો પ્રકાશ જોઇ મારે અસત્ય બોલવું હતું તે મેં માંડી વાળ્યું.—

વિધી જે સંજોગોમાં આપણને મુકે તેમાં આપણે રહેવું જોઇએ, મેં કહ્યું. "તને ગમે તેમ ખોટું લાગે તો પણ મારે કહેવું જોઇએ કે મને ફક્ત રૂ ૨૦—મળશે. અને આ કહેતાં મારી જીભ ન ઉપડતી હોવાથીજ હું તે તારી આગળ કહેતા આંચકો ખાતો હતો " એમ કહી મેં બનેલી વાત કહી બતાવી.

આથી પ્રથમ તે નારાજ થઇ, પરંતું તેણે તે વખતે ધૈર્ય આણ્યું. આ આશ્રમમાંથી નીકળી બીજે કંઇક એકાદ અમારી આવકના પ્રમાણમાં કોટડી ભાડે રાખી રહેવાની તેણીએ મને સુચના આપી. તેમ કર્યા વગર અમારો છુ. ટકો નહોતો. મને નોકરી મળી હતી તે કારખાનાની નજદીક મેં કોટડીની શોધ કરવા માંડી કારણ કે ઓફીસ પાસે હોવી જોઇએ. હવા અજવાળાનું સુખ જોઇએ. અને બનીશકે તો બંગાળી બાનુંઓની સારી સોબત હોવી જોઇએ. એવી કોટડી શોધી કહાડવા મારી સ્ત્રીએ મને ફરજ પાડી હતી. વીશ રૂ૦ ની આવકમાં મારે તેમ કરવું અશકય થઇ પડયું હતું. મારા ખાતાનો મેનેજર બહુ ભલો માણુસ હતો પરંતુ મારી સ્થીતિ તેની આગળ જાહેર કરવાની મારી હિંમત ચાલી નહીં. મને અહીં આવ્યાને આઠ દીવસ થવા આવ્યા હતા. અમારા બન્નેનું રોજનુ ખર્ચ પાંચ અને છ ની વચ્ચેનું હોવાથી મને નાણાંની ભીડ પડશે એવી ભીતી લાગવા માંડી. મને એક વખત એક અમદાવાદી પાઘડીવાળો ગુજરાતી વાણીયો કાલુતોલા કરીને જગા છે ત્યાં ભેગો થયો હતો તેને મેં પ્ર.

થમ જોયેલો હતો પરંતુ ક્યાં એ મને સરત નહતી. તે મને જોતાંજ ખડખડ હસી પડયો.અને મારો સ્થીતિ જાણે જાણુતો હોય તેમ જણાયું તેથી મને તેના ઉપર ધીઃકાર છુટવા લાગ્યો. પણ મેં સ્પષ્ટ શબ્દોમાં તેનું અપમાન કરવાનું ઉચિત ધાર્યું નહીં. તેણે મને કહ્યું કે તમે કહેશો તેવી હું તમને મદદ કરીશ. પરંતુ મારા સામું જોતાંજ તેને ઉપજતું હાસ્ય જોઇ મને બહુ લાગી આવ્યું, છતાં મેં તેને એક ઉપર કહ્યા મુજબની કોટડી શોધી કહાડવા બતાવ્યું, તે તેણે કબુલ કર્યું. મેં મારૂ ઠેકાણું બતાવ્યું. બીજેજ દીવસે તે મારી ઓફીસની જોડેનાજ મોટા માળામાં એક નાના દીવાનખાના સહિતની ઓરડી ભાડે કરી લાવ્યો. ભાડું ફક્ત રૂપિઆ પાંચજ હતું ! કલકત્તા જેવા શહેરમાં જાહેર રસ્તા ઉપર અમને આવું મકાન મળ્યું જોઇ અમે ખુશી થયાં. અને કલકત્તામાં મુંબઇ કરતાં બહુ સસ્તા મકાન ભાડે મળે છે એમ અમનેલાગ્યું.

અમે હવે ત્યાં રહેવા ગયાં, આશ્રમના મેનેજરનો અવેજ ચુકાવતાં, અને બીજું પરચુટણ ખર્ચ જતાં અમારી પાસે ૩૯૮ રૂપિઆ માત્ર રહ્યા તે " શીલીક " મારી સ્ત્રીએ એક ચોપડી બાંધી તેમાં મુકી અને વીસની આવક અંદર ખર્ચનું " બજેટ " કરી દીધું ! "પીયર્સ" " સન લાઇટ " વગેરે સાબુઓને બદલે રેમલનો સસ્તો સાબુ, ટોઇલેટને બદલે સાદું ધુપેલ વગેરે વગેરે મુકી મારી સ્ત્રીએ અનાજ મસાલા સહિતનું મારા હાથમાં કાગળીયું આપ્યું. લેવા જનાર નોકર ન મળે, જાતે બજારમાં જઇને લઇ આવ્યો. કેટલુંક ઠગાયો, કેટલીક જાતનો અનુભવ મળ્યો પરંતુ મેં તેને સત્રજું સોંપ્યું, બીજે દીવસથી નિયમસર ઓફીસમાં જવા માંડ્યું, પેલા ભલા મેને-

જરની બહેની સ્ત્રીએ મારે ત્યાં મારી સ્ત્રી પાસે આવવું શરૂ કર્યું હતું. તેમનો સ્નેહ થવાથી મારી સ્ત્રીએ તેને અ. મારી ખરી સ્થીતિ કહી દીધી હતી.

મહિનો થયો. પગાર આવ્યો. પંદર રૂપિઆનો હું સીલીકમાંથી સામાન લાવ્યો હતો. પાંચ ભાડામાં ગયા પણ બે રૂપિઆ પરચુરણ વપરાયા હતા તેથી વીશની આવકમાં બાવીશનું ખર્ચ થયું. તે સામે મારી સ્ત્રીએ વાંધો ઉઠાવ્યો! એક નાજુક સ્ત્રીમાંથી તે એક ગરીબ ઘરની ઉદયોગી સ્ત્રી બની ગઇ હતી તે મેં જોયું. વાસણ પાણી કોઇ દીવસ ન કરેલું છતાં તે જાતેજ કરતી, કપડાં મારાંને તેનાં તે ધોતી છતાં કેટલીક વખત દુધ, ચહા, વગેરેમાં બે રૂપિઆ વધી પડયા. અમારી જરૂરીયાતો પ્રમાણે પાઇએ પાઇ એણીએ જોઇ વિચારીને વાપરવા છતાં આમ બન્યું હતું તોપણ બીજા મહિનાના બજેટમાં રૂ. ૧૩ નો સામાન મંગાવ્યો.

બીજા મહિનાની પહેલી તારીખે હું ઓફીસમાં ગયોકે તુરતજ મેનેજરે મને બોલાવ્યો ને સો રૂપિઆની સબ એડીટરની જગોએ મને સીકયુરીટી વગર એકટીંગ તરીકે નીમવાની મરજી બતાવી. સાંજે મારી સ્ત્રીને આ વાત જાહેર કરતાં તેણીએ ઘણી ખુશી બતાવી અને પ્રીય વાંચનાર ! આ એક લક્ષાધિપતીની સુશિક્ષિત પુત્રી અને મારા જેવા લક્ષાધીપતિના પુત્રના ઘરની ગૃહપત્ની-કારભારણ-રાણીએ આજ મહિનો જતાં અમે હમેશ વાપરતાં એવું ઉમદા ભોજન તૈયાર કર્યું ? ! હું મારા દુ:ખને માટે તો દુ:ખી હતોજ નહિં, તેના દુખથીજ હું દુ:ખી હતો તેમ તે તેના નહિં પણ મારા દુ:ખથી દુ:ખી જણાતી. અમે એક બીજાને હીંમત આપવા ખાતર ઘણી વખત દીલગીરિ કરવી હવે મુકી દીધી.

પગાર વધ્યો તેજ દિવસે કેટલુંક ઉન, ભરત માટે ઝીક, કેટલીક ઉમદા ચીજોનું બજેટ મારા હાથમાં મુકાયું. તે મુજબ મેં હવે તો ઓફીસના એક વિશ્વાસુ માણસ પાસે મંગાવ્યું ને સાંજે ઘેર લઇ ગયો.

સબ એડીટર તરીકે મારે ઘણું વાંચવું પડતું. દેશમાં ચાલતા સવાલો તમામ વર્તમાન પત્રો ચર્ચાવતાં તેમાં મારે ભાગ લેવો પડતો. હાલ ઉદ્યોગનો સવાલ જોર પર આવી રહ્યો હતો 'નોકરી ઇચ્છનારને જરા સારી રીતે તરછોડી કહાડવા અને ઉદ્યોગને માટે ભલામણ કરવી સમજ્યા મી...? કરી બીજે દિવસે મને એડીટરે સુચના આપી.

કહો, હવે આપણી મહેનત આપનું શરીર સહન કરે એટલી ઓછી થઇ છે ? આપને આટલું આટલે વખતે પુછવાની આજ્ઞા છે ? ', એક દીવસ સાંજે મારી ભલી સ્ત્રીએ પુછ્યું.

આટલા બધા દિવસથી તે એક મજુરની પેઠે કામ કરતી હતી તેમ છતાં મેં તો તેને કાંઇ પુછ્યું ન હતું તેથી હું શરમાયો. બહુ પસ્તાવા લાગ્યો. મૂળ સ્થળમાંથી આંસુ નીકળ્યાં, પણ આંખોમાં આવતાં ધૈર્યે તેમને પાછાં કહાડયાં અને " સંભાળ. તું એક સ્ત્રી આગળ બેઠો છે " એવો અંતઃકરણે એક સાધુ જન સમાન ઉપદેશ આપ્યો તેથી ચેતી ગયો.

" હું હવે જો મારા અંતઃકરણ પ્રમાણે ચાલું તો મારા વીચાર ફરી ગયા છે, હિંદના પત્રો હાલતો " ઉદ્યોગ " " ઉદ્યોગ " ના એવા મોટા ઉછાળા મારી રહ્યા છે કે ન પૂછો વાત. મેં ઉદ્યોગ ઉપર ઘણું વાંચ્યું—વાંચવું પડયું ને ઉદ્યાગ વગર સિદ્ધી નથી એમ સમજાયું છે પરંતુ આપણી પાસે મુડી કંઇ છે નહી તેમ આપણને આ અજા-

એવા શહેરમાં કોઇ કંઇ ધીરે તેમ પણ નથી."

"કંઇ ફીકર નહીં. મારા પિતાનો આજ માહાબલેશ્વર થઇને પત્ર આવ્યો છે તેમણે આપણી સ્થીતી જાણી છે માટે હું તેમની પાસેથી કહો તેટલાં નાણાં મંગાવું." તે બોલી.

"સ્ત્રી પાસેથી નાણાં લઇ મારે વ્યાપાર નથી કરવો. સાસરાને પૈસે સારા કહેવડાવવું નથી." મેં કહ્યું.

"આવું કહેતાં મને ખોટું લાગશે તેનું પણ આપને ભાન નથી ??" એમ કહીને આજ દોઢ બે મહીને તે પાછી એક વખત રડી પડી !

"તારે તો ખરૂં પૂછાવે તો રડવાનો ધંધો છે. હું તો તારા હૃદયની કઠિણતા કેટલી છે તેનીજ જરા કસોટી કરતો હતો. વાહ! આટલામાં રડી પડતાં હશે કે !?

એટલામાં મેનેજરે બોલાવવા મોકલેલું માણસ આવ્યું. ઓફીસ બહારના વખતમાં કેમ બોલાવ્યો હશે તેનો મને વિચાર થયો. વખતે સીકયુરીટી માગશે એવી ચિંતા થઇ. ત્યાં ગયો તો મેનેજરને ત્યાં આજ કંઇક ઉત્સવ હોવાથી મને જમવાનું આમંત્રણ તેમણે આપ્યું. ત્યાં ગયો. અને મારે સારી રીતે આજ વાતચીત થઇ, તેણે મારા વિચારો જાણવા માગ્યા. મેં કહ્યું મારે કંઇક ઉદ્યોગ કરવો છે. પણ મારી પાસે પૈસા નથી. તેણે વિચારો તરફ દીલસોજી બતાવી અને એક યુરોપીયન કંપની સાથે રૂ. ૨૦૦૦૦ આપી ભાગીદાર થવા મને સુચના આપી. અને તે રૂપીઆની મદદ આપવા પણ આ સ્વદેશાભિમાની નરે મને હીંમત દેખાડી. મેં તપાસ કરી તો એ કંપનીને ભાગીદાર જોઇતો હતો. અને પેદાસ સારી હતી. મેં નોકરી છોડવા માગણી કરી. આ ભલા એડીટરે મારી ટુંક નોકરીની કદર જાણી મને રૂ. ૫૦૦૦) બક્ષીસ આપ્યા. હું તે કંપનીમાં જોડાયો. એ-

કંપની મોતીનો વ્યાપાર કરતી હતી. મોતીનો ભાવ એકાએક ચઢી જવાથી અમારી કંપનીને પ્રથનનાજ મહિનામાં સારો નફો મળ્યો. એ મહિનામાં મેં મારા એડિટર સાહેબે આપેલા રૂપિઆ ભરી દીધા. અમે દિનપ્રતિદિન સુખી થવા લાગ્યાં. મારી સ્ત્રીએ હવે ગ્રહકારોબાર અમારા મુંબઇના ધરના જેવોજ ચલાવવા માંડયો; વર્ષ પુરૂં થયું એટલામાં અમે સારી રકમ મેળવી. બીજે વર્ષે હીરાનો ભાવ વધ્યો તેમાં પણ અમારૂં સારૂં ફાવ્યું; પણ એક આફ્ત આવી. મુંબઇથી જે યુરોપીયન કંપની અમને મોતી પુરા પાડતી હતી તેની સાથે વાંધો પડયો. અને કેસ માંડવાનો વખત આવ્યો. કલકત્તામાં તે બાબતનો કેસ ચાલ્યો કારણકે મોતીની જે ગફલત હઇ અમને ઓછા ભાવનાં મોતી સારા ભાવે ગયે વર્ષે તે કંપનીએ આપેલાં તેનો કરાર કલકત્તે થયો હતો.

કેસ ચાલતાં પ્રતીવાદી કંપનીમાં મ્હોટામાં મ્હોટા ભાગીદારની હાજરીમાં કોરટમાં જરૂર પડી. મારી કંપનીમાં મેં મારા ભાગ વધાર્યા હતા અને નફો સારો થવાથી લગભગ બધી કંપની ખરીદી લેવાનો હું વિચાર કરતો હતો. તેથી કેસ હું બહુ કાળજીથી ચલાવતો હતો.

પ્રતીવાદીને કોર્ટે હાજર થવાની મુદતે કોર્ટમાં હું ગયો ત્યાં એકાએક મારા પીતાને મેં જોયા ! મેં તેમને બ વર્ષે પ્રણામ કર્યા. તેમણે મને સુખાકારી પૂછી કોર્ટમાં આવવાનુ કારણ પૂછયું. મેં તેમને પણ તેમના આવવાનું કારણ પૂછયું તેમણે કહ્યું કે એક......કંપનીએ મારાપર કેસ માંડી મને જાતે હાજર રહેવા કોર્ટ પાસેથી હુકમ મેળવ્યો છે. મેં કહ્યું તે તો હુંજ] ! ! અમારી બન્નેની અજાયબીનો પાર રહ્યો નહીં. કેસ મેં તરત પાછો ખેંચી લેવા અરજી આપી અને મારા પિતાને મારો ઇતિહાસ કહ્યો મેં એડીટરનીસાથે તેમને

મેં મેળવ્યા. તે બન્ને એક બીજાને ઓળખતા હોય તેમ જણાયું. મને માલમ પડયું કે મારા પીતાએ સીકયુરીટી એડીટરનો રૂ. ૫૦૦૦) ની પ્હોંચાડી હતી. પેલો વાણીઓ પણ તેમણે મારી તપાસ માટે રાખેલો હતો. ઘરનું ભાડું અમે પાંચ આપતા હતા પણ મારા પિતા પાસેથી બીજા રૂ. ૨૭ એ વાણીયો મંગાવી ઘરના માલીકને પહોંચાડતો હતો. એટલે ઘરનું ભાડું કુલ રૂ. ૩૨ મહિને હતું! મારા પિતાને મારો છેવટનો ઇતિહાસ માલમ નહતો પડયો. એટલે હું શું ધંધો કરૂં છું. તે જાણતા નહતા. કારણ કે પેલો વાણીયો મહામારીથી મરણ પામ્યો હતો. મારા પિતાને હું ઘેર લઇ ગયો; અને મારી "પાર્લામેન્ટ" પાછી કલકત્તામાં અડધા મેમ્બરોની હાજરીવાળી પણ મળી; અમે બધાં ઘેર જવા નીકળ્યાં. સ્ટેશનપર મારા પીતાએ મોકલેલા તારનો જવાબ મળ્યો. ને મને ખબર મળી કે ઘેર અમારૂં વૃતાન્ત ગયું. ઘેર પહોંચ્યાં ત્યાં મારા માતુશ્રીના આનંદનો પાર રહ્યો નહીં. મારી સ્ત્રીનાં માતપિતા તેમના અને મારા કુટુમ્બે આજ ઉત્સવ પાળ્યો. અમારા ઓરડામાં જતાં મારી બેનના હાથે મોટા દરકતથી ઉનના ભરેલા અક્ષરો અમે જતાંજ વાંચ્યા કે—

"વધારે મતે કામ કરવું"

રત્ન ગ્રંથી

અથવા

ટુંકી વાર્તા

વાર્તા ૨ જી.

ભણેલી સ્ત્રીનો સ્નેહ.

ભણેલી સ્ત્રીનો સ્નેહ.

આપણો હિંદુ સંસાર શી રીતે શાંતીથી નિભાવવો એ એક મોટું મુશીબત ભરેલું કામ થઇ પડયું છે. તેમાં વળી સાસુ વહુને નણંદ ભેગાં હોય તો રોજ કજીઆ સ્વાભાવિક રીતેજ થયાં કરે છે. મારા પિતા લગભગ પુખ્ત ઉમરે ગુજરી ગયા હતા તે વખતે મારી ઉંમર ૨૦ વર્ષની હતી. હું તે વખતે ગુજરાત કોલેજમાં બી. એ કલાસમાં શીખતો હતો. તેમના મરણ પછી મારાં માતુશ્રીએ અભ્યાસ કરવાની સાફ ના પાડી. મારી જ્ઞાતી કેળવણીમાં છેક પછાત હતી અને મારો અભ્યાસ જોઇ મુંબઇના એક મારી જ્ઞાતિના વાણીયા ગ્રહસ્થે મને જમાઇ તરીકે શોધી કહાડી પરણાવ્યો હતો. મારા સસરાને મુંબઇમાં ગુમાસ્તી કરવાનો ધંધો હતો. અને પાસે પૈસા ન હોવાથી પંદર રૂપીયાના ટુંકા પગારમાં મુંબઇ શહેરમાં પણ સુખે દુઃખે તે નિભાવ કરી લેતા. તેમના મુંબઇમાં રહેવાથી મારી સ્ત્રીને કેળવણીનો ઘણો અચ્છો લાભ મળ્યો હતો અને મારા પિતા જીવતાંજ તેમની ખાતરી થઇ હતી કે મારી સ્ત્રી એક ઘરવખુ સુશીલ સ્ત્રી રત્ન છે. મારા પિતાના મરણ પછી અમારા બન્નેનો વિચાર મારે આગળ ભણવાનો થયો. પરંતુ મારા માતુશ્રીએ એ બાબત હઠ પકડી અને પાંચ રૂપિઆની પણ નોકરી મેળવવા માટે મને આગ્રહ કર્યો; એનું કારણ મને

એમ જણાયું કે મારા પિતાએ કરેલો વહિવટ સંતોષકારક ન હોવાથી આમારી સ્થીતિ સારી નહીં રહી હતી. જો કે મારા પિતા "ધરાકો" શરાફી કરતા, પરંતુ તેમણે એવા દેવાળીયાઓને ધીર્યું હતું કે પાછું વસુલ આવે એમ ન હતી; અને શરાફોનું કરેલું દેવું તો તુરત ચુકાવ્યા વિના છુટકો ન હતો, એટલે ઘરમાં રહેલી સિલીક દેવામાં આપવામાં ગઇ અને ઉઘરાણી કરવાની રહી. આ બધું દુઃખ હું સુખેથી ઉપાડી લેત અને ઘર ગમે તેમ નભતું હતું તેમ નિભાવત, પરંતું મારા માતુશ્રીનો સ્વભાવ ઘણોજ વિચિત્ર હતો. અને એ વિચિત્રતામાં મારા પિતાના મૃત્યુએ અને ઘરના ભીડે અસાધારણ વધારો કરી નાંખ્યો હતો. મારી સુશીલ-સદ્‌ગુણ સંપન્ન ધર્મપત્નિ તેમની એક દેવીની પેઠે સેવા કરતી છતાં તે લક્ષમાં ન લેતાં તેમનો કંઇક તેના ઉપર મને દ્વેષ દેખાવા માંડયો. મારી સ્ત્રી ગમે તે સારૂ કરે તેને તે ધિઃકારી કહાડે, તેને મર્યાદા મુકી બોલે, અને અનેક વ્યંગમાં વાગ્બાણ મારે અને મને દેખે કે તુરત ફરિયાદ કરે. આવા બનાવ મારી ગેરહાજરીમાં બનતા; પરંતુ મારી સ્ત્રી મને દુઃખ થાય તે સહન કરતી. મારી માતુશ્રીના તીખા સ્વભાવમાં ઓછામાં પુરૂં મારી બ્હેન સાસરેથી આવે ત્યારે હમેશાં ઉમેરો કરતી અને "આ મોટાં ભણેલાં જોયાં ન હોય તો! બાપ તો ભીખારી જેવો મુંબઇમાં પંદર રૂપિઆમાં ભટકતો ફરે છે અને આટલી ફિસિયારી શાની ઉપર કરતાં હશે?" રહેવા દો ભાભી! એ ચોપડી વાંચવી પડતી મુકી દો! પેલાં વાસણ માંજો, અને પછી ચુલાને અબોટ દો!" આવાં આવાં બન્ને મળી વચનો સંભળાવતાં તેના સામો તેમને એક પણ પ્રત્યુતર મળતો નહિ. આરસપહાણની પુતળી હોય-કાચનીઘડેલી મૂર્તિ

હોય તેમ એ સ્ત્રી ચુપકીથી કામજ કર્યા જતી. ચોવીસ કલાકમાં ભાગ્યેજ તે એક પણ શબ્દ તેમની સાથે બોલતી. તેનું બોલવાનું ફક્ત મારી સાથેજ થતું અને તે વખતે તો પાંચ દસ વીજળીની ઘંટડીઓ હોય તેમ ધીમે ધીમે મૃદુ મૃદુ બોલ્યા જતી; તેમાં પણ કદી દુઃખની ફરીયાદ કરતીજ નહિ. મ્હારી અભ્યાસની સ્થીતિ—ભવિષ્યમાં શું કરીશું તે વગેરે વગેરે વિષયપરજ બોલતી. એક બાજુ તેની વચ્ચે અને બીજી બાજુ મ્હારાં માતુશ્રી અને બ્હેનની વચ્ચે ચાલતો ખટરાગ ક્વચિત્ હું દાદર ચડતાં અને ક્વચિત્ મ્હારાં માતુશ્રી અગર બ્હેનની ફરિયાદથીજ જાણતો. પરંતુ આવું ક્યાં સુધી નભશે તે વિષે હું બહુ ચિંતાતુર રહેતો. મ્હારે નોકરી લીધા વગર છુટકો નહતો. અને પૈસા સંબંધી સ્થીતિ જેમ જેમ બગડતી ચાલી તેમ તેમ મ્હારાં માતુશ્રીનો મારે નોકરી લેવા બાબતનો આગ્રહ વધવા લાગ્યો. આ વખતે હિંદુ સાસુઓ અને વહુઓને ધિકારવા લાગ્યો. અસલના વખતથી હિંદુ સાસુઓ અને વહુઓને ભેગાં રાખવાની કઢંગી રીતિને હું અનેક શ્રાપ આપવા લાગ્યો. અને ગમે તે રસ્તે કુટુંબ કલેશમાંથી મુક્ત થવા વિચાર રાખ્યો. કેટલાક દિવસ વિચાર કર્યા પછી મે મુંબઇ જવા નિશ્ચય કર્યો. અને મારી સ્ત્રીએ પણ તેમાં સંમતિ આપી. મારાં માતુશ્રી પાસે મેં મુંબઇ જવા રજા માગી.

“જવું હોય તો તારી વહુને લઇને જજે ભાઇ, એટલે અહીં ઘરમાંથી કલેશ મટે” મારાં માતુશ્રીએ કહ્યું।

“અરે! માતાનો પવિત્ર સ્નેહ આ વખતે મારી સ્ત્રીની ફક્ત હાજરીથીજ કેટલો ઓછો થઇ ગયો છે?! હિંદુ સંસાર! ત્હારે માટે એક હજાર અશ્રુ અંજલિ! આર્ય નીતિ! તારો દુઃસહ વિયોગ આર્યોને છે! “દયાનિધી” કહેવાતા

ઇશ્વર ! શા માટે કરસનદાસ અને શનાડે જેવાને તેં અમર ન કરી મુકયા !" વગેરે વગેરે મારાં અંતઃકરણમાં વિચાર આવ્યા. બીજેજ દિવસે હું મુંબઇ જવા તત્પર થયો. ઘરની સિલીકના ફકત ૧૫૮ રૂપિઆમાંથી પચીસજ સાથે રાખ્યા. મારી સ્ત્રી ને હુ બન્ને મુંબાઇ જવા નિકળ્યાં. વિધીની ખાતર મારાં માતુશ્રી અને બ્હેન સ્ટેશન સુધી આવ્યાં. દુઃખી કુટુંબો સ્ટેશનપર જુદાં પડે તે વખતનાં ચિત્રો ચિતારા આપે તો લક્ષાધિપતીઓ થઇ પડે ! મારાં માતુશ્રી અને બ્હેન અદ્યાપિ સુધી કઠીન હૃદયનાં થયાં હતાં તે સહજ પીગળ્યાં, મારા જવાથી દીલગીર અને મારી સ્ત્રીના જવાથી ઘણાં ખુશી આ બે લાગણીઓનું મિશ્રણ કંઇક વિરોધાભાસ—કંઇક મુઝવણુ કરતું તેમના મુખ ઉપર મેં જોયું. છેવટનું ઘણા સ્નેહથી વાટ જોઇ રહેલા પિતાને મળવા જતી અને દુઃખ દેતાં સાસુ નણંદને તજતી છતાં, મારી સ્ત્રી સહજ રોઇ પડી ત્યારેજ પેલા બન્નેનું હૃદય કંઇક પીગળ્યું, પણ એટલામાં ગાર્ડની સીસોટીએ બધું સમાધાન કર્યું ને "આવજો !" "આવજો" થઇ રહ્યું. અમે ઉપડયાં. પુરૂષોના ડબામાંજ મારી સ્ત્રીને મારી પાસે બેસવા મેં કહ્યું હતું તેથી તે મારી સાથે હતી. મુસલમાનોની ઇદ હોવાથી મુસલમાન પેસેન્જર તે દિવસે હતાં નહીં. તેમ મુંબઇમાં માહામારી ચાલતી હોવાથી તે બાજુનાં પેસેન્જરો પણ થોડાં હતાં તેથી સારા નશીબે ભીડ નહતી.

"જોયું ! મુસલમાનો ધર્મમાં કેવા સમજે છે ! ઇદ છે એટલે આ ડબામાં કોઇ મુસલમાનજ નથી. આપણા લોકો તો હોળી દીવાળી પણ પાળતા નથી" મારી સ્ત્રીએ કહ્યું.

"હવે ગમે તેમ વિચાર કરવાને છુટ છે. કલેશનું બી નીરમુળ થયું" મેં કહ્યું. તેથી એને કંઇક દીલાસો લાગ્યા

જેવું જણાયું અને તેના ઉપરનો મારો હમેશનો પક્ષપાત ઘણો મજબુત થયો તેને જણાયો.

સ્ટેશન પછી સ્ટેશન આવતાં ગયાં. સાંજ પડી. મારે પેશાબ કરવા નીચે ઉતરવું હતું કારણ કે આપણી રેલવે કંપનીઓ એમ સમજે છે કે મુસાફરોને ટ્રેનમાં બેઠા પછી કદી પેશાબ કરવાની હાજત થતીજ નથી, તેથી ડબામાં જાજરૂની સગવડ તેઓ કરતા નથી. હું કોઇ મોટા સ્ટેશનની વાટ જોતો હતો પરંતુ ન્હારે ન્હાંના સ્ટેશનેજ ઉતાવળને લીધે ઉતરવું પડયું. નીચે ઉતર્યો આમ જોયું તેમ જોયું પણ સ્ટેશનપર પણ કંઇ સગવડ જોવામાં ન આવી. છેવટ ટ્રેન લાંબી હોવાથી આગળ ગયો અને એક જગાએ બેઠો. મુસાફરી કરેલી તેથી અને વળી જે જગાએ બેઠો હતો તે જગા બૈરાંના ડબાની સામે હોવાથી મને જરા વાર લાગી ને ગાડી ઉપડી ! મારી સ્ત્રી તો જાણે આકાશમાંથી વીજળી પડી હોય તેવી રીત્યેજ ચમકીને મને બોલાવવા માંડયુ એટલામાં લાંબી ટ્રેન સરી જતાં છેવટ ગાર્ડના ડબાના કઠેરાનો બાંગ મારા હાથમાં આવ્યો, હું ઉપર ચડયો. મારી સ્ત્રીની શી વલે થશે તેજ વિચારોએ મારૂં મગજ ઘેરી લીધું હતું, ગાર્ડ કોઇ ભલો પારસી હતો તેને મેં મારૂં સ્ટેશનપરનું વૃતાંત કહ્યું. એક સહજ મોટું સ્ટેશન નજદીક આવે છે ત્યાં ઉતરી પડજો એમ તેણે કહ્યુ. તે સ્ટેશન આવ્યું, હું ઉતરીને મારી સ્ત્રીના ડબા પાસે ગયો ત્યાં જોઉ તો તે ત્યાં મળે નહી !! મારા આશ્ચર્યનો પાર રહયો :નહી ! મારી પેટી જેના તાળાની કુંચી મારી પાસેજ હતી તે ફોડેલી મેં જોઇ ! અને તેમાંની અમારા રૂપીયા ૨૫ ની રકમ ગેબ ! હું તો આંફલો ફાંફલો મુઝાતો ડબા પાસે ઉભો ! એટલામાં સામે ઓફીસમાં મારી સ્ત્રીની દિવ્ય મુર્તીએ મારી આંખોનું

તુર્ત આકર્ષણ કર્યું. હું ત્યાં તુર્ત ગયો. મારી સ્ત્રીએ પોતેજ પેટી ફોડી અંદરથી રૂપીઆ કહાડી બે રૂપીયાનો તાર તેના પીતાને મુંબઇ, બે રૂપીયાનો મારે ઘેર અમદાવાદ, બે રૂપીઆનો જે સ્ટેશન ગયુ તેના માસ્તરને, બે રૂપીયાને આઠ આનાનો મને, અને બે રૂપીયાનો ટ્રાફીક સુપીન્ટેન્ડેન્ટને, મલી સાડા દસનો તાર કરાવ્યો હતો. તારની ટીકીટો લઇ લીધેલી હોવાથી તેણીએ તે મને જોઇ તુર્ત પાછી માગી પણ ના મલી તેથી તેને લઇ તુર્ત હું ગાડીમાં બેઠો.

"ચાલો છો આપણી અડધી રકમ ગઇ તેની મને દરકાર નથી, તમે આવ્યા એટલે હવે હરકત નથી" તેણીએ કહ્યુ, "પણ ઘેર ચિન્તા કરશે માટે હવે પાછો બીજો તાર ઘેર જવો જોઇએ" મે કહ્યુ. દાઝયા ઉપર ડામ પ્રમાણે પાછો એક "ઓરડીનરી" તાર ઘેર મોકલ્યો અને ટીકીટ, તાર, પરચુરણ ખર્ચ મળી સાત રૂપીઆ લઇ અમે મુંબઇ ઉતર્યાં.

મારી સ્ત્રીના આગ્રહથી મારા સસરાને ત્યાં ગયાં, ત્યાં બે દિવસ થયા એટલે મને ચેન પડવા માંડયું નહી, મારા સસરાને અમો કોઇ રીતે અડચણ કરતાં થઇ પડતાં નહતા અને તે મારી નોકરી માટે બધે લાગવગ મેળવવાજ પ્રયત્ન કરતા હતા. પરંતુ તેમની જુજ આવકપર અમે લગભગ અડધો ડઝન માણસ બોજા રૂપ થઇ પડીએ એ મને ઠીક ન લાગ્યુ. એટલામાં એક વૃદ્ધ ગૃહસ્થ મારૂં નામ પુછતો મારા સસરાને ત્યાં આવ્યો. તે તેમનો ઓળખીતો જણાયો અને મારા આવવાની ખબર પણ મારા સસરાએ તેને આપેલી એમ તેમની બન્નેની વાતચીત ઉપરથી મને માલમ પડયુ. તેણે મારી સાથે કંઇક ખાનગી વાતચીત કરવા માગ્યુ તે મુજબ હું એક બાજુ તેને લઇ ગયો.

"તમારા પીતાની પોલીસી મારે ત્યાં ગીરવીછે. હું તે

મનો મિત્ર હતો. પોલીસી સારી કંપનીમાં છે એટલે તમને નાણું તુરત મળશે માટે તમે તે લઇ મારે ત્યાંથી એ છોડવો એ કહેવાજ આવ્યોછું" તેણે કહ્યું.

"કેટલા રૂપીઆની છે?" મે પુછ્યું.

"પાંચ હજારની"

"અને તમોએ કેટલા ધીર્યા છે?"

"દોઢ હજાર" તેણે જવાબ આપ્યો. "અને વ્યાજ સહીત સુમારે બે હજાર થશે."

મારે કામ જાગ્યું. નોકરીની વાત પડતી મુકી હું આ ભલા માણસ સાથેજ ગયો. તે મારા પીતાનો મિત્ર હતો, અને મારા કુટુંબનો ઇતિહાસ મારા કરતાં પણ વધારે જાણતો હતો. પોલીસીના રૂપિઆ કંપનીમાંથી મારા પિતાનું મરણ સાબીત કર્યું તે પછી થોડે દીવસે તે વૃદ્ધ ગ્રહસ્થને મળ્યા. તેણે તેનો પોતાનો અવેજ કાપી લઇ ત્રણ હજારને નેવું રૂપિઆ મારા હાથમાં મુકયા.

રૂપિઆ મારી સ્ત્રીના હાથમાં જઇ મેં આપ્યા. તેણીએ જુદુ મકાન લેવા જણાવ્યું તે મુજબ જુદે સ્થળે રહેવા ગયાં. નોકરીની વાત મુકી હુ કંઇ હલકો સરખો ઉદ્યમ શોધવામાં ફરતો હતો. ઘરની વ્યવસ્થા મારી સ્ત્રીને સોંપી હતી. છેવટ સાકર બનાવવાના કારખાનામાં રૂપિઆ બે હજારના ભાગીદાર થવામાં હું મારા કેટલાક મુબઇનામિત્રોની મદદથી ભાગ્યશાળી થયો. ઇશ્વરેચ્છાએ તે ઉદ્યમ ફળીભૂત થયો ને અમે અમારૂં ગુજરાન સારી રીતે ચલાવવા ઉપરાંત મારી સ્ત્રીના સારા કારભારથી કંઇક બચાવવા પણ લાગ્યો.

હવે મારાં માતુશ્રી ને બહેનની ખબર લેવી જોઇએ. તેમને થોડા રૂપીઆ મોકલવા હું ધારૂંછું. મેં હવે મારી સ્ત્રીને પુછ્યું.

"આપે ત્રણ હઝારને નેવું મારા હાથમાં સોંપ્યા તેજ દીવસે મારા પિતા પાસે ઉપરના નેવુ રૂપિઆની હુંડી મેં

તેમના ઉપર મોકલી છે. આપને ધાંધલમાં ફક્ત કહેવાનુ રહી ગયું હતું." તેણીએ કહ્યું.

"શાબાશ! કેળવણી! ડહાપણ! નીતિ! અરે! ભલી સ્ત્રી! તેં તારા દુશ્મનો ઉપર રૂપીયા મોકલ્યા? તેં મોટી ભુલ કરી ત્યારે!" મે વ્યંગમાં જરા મશ્કરી કરી.

મેં ભૂલ નથી કરી અને તમે મોકલવાની વાત ઉપાડયા બાદ મારી ભૂલ બતાવવી શરૂ કરી એથી તમે બંધાયા છો તેણીએ હિમતથી જવાબ આપ્યો.

આવી રીતે નિર્દોષ ગમતમાં અમારો વખત પસાર થવા લાગ્યો. પરંતુ માતાનો સ્નેહ! મને પેલાં બન્નેને ઘેરથી બોલાવી પાછો કલેશ ઉત્પન્ન કરવાની જુલમી જીજ્ઞાસા ઉભી થઇ. અમે બંને આ વિચારથી ગભરાવા લાગ્યાં. ન બોલાવીએ-તેમને અમારા સુખના ભાગીદાર ન કરીએ તો નીતિ શાસ્ત્રાધારે અમે ગુન્હો કરતાં જણાયાં, ને બોલાવવાથી કલેશ વધતો હતો. છેવટ મેં એક નિર્દોષ પ્રપંચ શોધી કહાડયો પરંતુ તેથી મારી સ્ત્રીને મેં હાલ વાકેફ કરવાનું મોકુફ રાખ્યું.

મારી સ્ત્રીને કંઇક આશાનાં ચિન્હો જણાતાં હતાં, તેથી તેના પિતાને ત્યાં જવા મે કહ્યું. થોડા દિવસ બાદ કેટલાક આગ્રહ પછી તે ગઇ.

હવે મેં એક રસોઇઓ રાખી નિભાવવા માંડયું. મારાં માતુશ્રી અને બેનને બોલાવવા પત્ર લખ્યો, ને બોલાવી લીધાં, ભાડે રાખેલા મકાનમાં એક બે સાધનવાળી કોટડીઓ વધારે લીધી, તેમને મુકામ આપ્યો.

"વહુ ક્યાં? ભાઇ!"

બન્નેએ એકદમ પ્રશ્ન કર્યો.

નાટકો જોઇને ધરાયેલો હું-ઢોંગ શાસ્ત્ર શીખેલો હું ઠગારો હવે મારો ભેદ શરૂ કરવા લાગ્યો. જરા રડવા જેવું મ્હોં કરી મેં કહ્યું—

"આજ છ સાત દિવસ થયાં તે ગુજરી ગઇ. રસોઇઆથી નિભાવુંછું." મેં પ્રત્યુત્તર આપ્યો,

તેમના મ્હોપર સહજ અચંબો અને કંઇક અંશે દિલગીરી દેખાઇ. પણ દિલગીરી કરતાં અચંબો એટલો બધો જણાયો કે દિલગીરીનો અંશ કેટલો છે તે જણાવું મુશ્કેલ થઇ પડયું.

"હશે, બાયડી મરી ગઇ તેમાં રોવા જેવું મ્હોં શાનું કરે છે? એવું કરે તે તો બાયલો કહેવાય. એક નહીં ને બીજી. મા ન મળે, બેન ન મળે, ભાઈ ન મળે પણ બાયડીઓ તો એક કહેતાં ચાર મળે, દીકરા!" એમ કહી મારા કપાળપર હાથ ફેરવવા લાગ્યાં.

'ઠીકસ્તો, ભાઇને અડચણ પડી ત્યારેજ આપણી ખબર લીધી છો" મારી બેને કહ્યું.

"જેમ મા નથી ફરીને મળતી–બ્હેન નથી મળતી–ભાઇ નથી મળતો તેમ મારા જેવાને તો આ સંસારણું સ્ત્રી પણ નથી મળતી હોં." મેં શરમ મુકી આ વખતે બરોબર મારો "પાર્ટ" ભજવ્યો.

"હેં! હેં! શરમા! શરમા! જરા!" બેન બોલી ઉઠયાં.

તે પછી મેં ધુતારાએ તે બન્નેને સ્ત્રીનું જુઠું સ્નાન કરાવ્યું. તે દીવસે કારખાનામાં ન ગયો. જમ્યા પછી પણ પાછી એ વાત ઉપડી.

"વહુમાં ફક્ત રૂપજ હતું હો.—" મારાં માતુશ્રીએ કહ્યું.

મારી બહેન વચમાં બોલી ઉઠી. "હા; બાકી કામ કરવામાં તો ઠીકઠાક હતુ. આખો દીવસ ટાપટીપ કરવામાં ને મોટાં ભણેલાનો ડોળ ઘાલવામાં–વાંચવામાંજ કહાડતી. એના કરતાં તો હું એકસોને એક સારી કન્યાઓ ન્યાતમાંથી શોધી કહાડીશ!"

"પણ મારે પરણવાની હવે પ્રતિજ્ઞા છે. કારણ ? એના જેવી ભલી સ્ત્રી મેં દુનિયામાં જોઇ નથી.

"શું એની ભલાઇ હતી ?" મારાં માતુશ્રીએ પૂછ્યું.

"જુઓ, તમે બન્ને એના ઉપર જુલમ કરતાં અને ગાળો દેતાં, એની પાસે મજુર જેટલાં કામ કરાવતાં, પરંતુ તે મ્હોડેથી બોલતી નહીં. ખરી વાત ?"

"તેમાં શું" મારી બેને કહ્યું "મનમાં ઊંડી અદેખાઇને લીધે દાવ હોય તેજ ન બોલે".

"જવા દેને બહેન" મારી માતુશ્રીએ કહ્યું "એતો વહુ ઘેલો થઇ ગયો હતો તે ઇશ્વરે એને પડાવી લીધી. હશે. પણ તેમાં થયું શું ?"

"થયું શું" એમ કહોછો, માતુશ્રી ? એક સદ્‌ગુણી વહુ ઘરમાંથી જાય તેને તેમ 'થયું શું' કહોછો ? જો એ જીવતી હોય અને તમારા મરણની ખબર એને પડે તો એ શું કરે ?!"

મેં લાગણીઓ મ્હોંપર બતાવી કહ્યું.

શું કરે તે નહીને બેસે—ખુશી થાય ને તે દીવસે ઉજાણી કરે. વળી તુ ડાહ્યો કોની આગળ થવા જાય છે! માતુશ્રીએ કહ્યું

અરે જાઓ ! જાઓ ! એ બીચારીને એમ ન કહો. હજુ મુખ્ય બાબત તો હું કહેવાની ભુલી ગયો છું. મરતી વખત તેણીએ મ્હેં તેના માટે નવી કરાવેલી હીરાકંઠી તમને આપવા કહ્યું છે. વળી એના બાકીના દાગીના, સાડીઓ, કપડાં બેનને આપવા કહ્યું છે. એની પાસેની કંઇક બચાવેલી રોકડ મને સોંપી છે. એના બાપના ઘરમાં ભીડ છે છતાં ત્યાં કંઇ તેણીએ મરતી વખત પણ મોકલાવ્યું નહી. તમને બોલાવવા કહ્યું પણ મેં મુરખાએ કલેશથી બ્હીને તમને તેનો મેળાપ થતો અટકાવ્યો. તેના પિતા કરતાં તમારાપર તેનું હેત ઘણું

હતું. અને મરતી વખતે વળી આ તેની વીંટી તેમને "આ ચાસુજીને આપજો" કરીને આપવા કહ્યું છે તે ધ્યો. !

કંઇક દ્રવ્યથી, કંઇક મારા કૃતેહમંદ અભિનયથી, બન્ને પીગળ્યાં ને આંખમાં આંસુ આણ્યાં: મુંગા રહ્યા, ચુપકી પ્રસરી રહી, મેં આગળ ચલાવ્યું.

"તમને તેની કેળવણી-તેની નીતિની ખબર ન હતી. તમારા જુલમની કદી પણ તેણીએ મારા આગળ ફરીયાદ કરી નથી—"

"ત્યારે અમને જરા મરતી વખતે બોલાવ્યાં હોતતો વહુનું મ્હોં તો જોત !" બન્ને હવે બોલ્યાં.

"એક અમેરિકને શોધી કાઢેલી યુક્તિથી એક વખત મુએલા માણસનું પણ મ્હોં તો હું તમને કહોતો કંઇક ખર્ચ કરીને દેખાડી આપું. પણ તે ખરા અંતઃકરણપુર્વક જોવું હોયતોજ."

"અમને નકામા વધારે દીલગીર શું કરવા કરે છે?"

"પણ તમારે તેનું મ્હોં જોવું છે ?"

"કેટલું ખર્ચ થશે?" મ્હારાં માતુશ્રીએ પુછ્યું.

મેં જાણ્યું કે તેમની લાગણી ઉશ્કેરાઇ છે. એટલે તેમને પાસેનો જે જુદો ભાગ નવો ભાડે રાખ્યો હતો, અને જે મારી સ્ત્રી પણ જાણુતી નહતી તે ભાગમાં તેમને કહાડયાં; વચમાં બારણામાં એક ઘટ્ટ પડદો નાંખ્યો. મારી સ્ત્રીને એક ચીઠ્ઠી લખીને નોકરને, એક વિકટોરિયા ભાડે કરી આપી મોકલ્યો. તે આવી તે પહેલાં પેલા ભાગમાં જઇ તેમને હું ચેતાવી આવ્યો કેઃ—

"જુઓ, તમારે એક શબ્દ પણ બોલવો નહીં, તમારો તેનાપર ભાવ હશે તો આ પડદાના બાકામાંથી તમે તેને શુદ્ધ સ્વરૂપે જોઇ શકશો એટલુંજ નહી, પરંતુ અમારી વાતચીત પણ તમે સાંભળી શકશો.

ગાડી આવી, મારી સ્ત્રી ઉપર આવીને તુર્તુજ મારા મ્હોંપર મેં દીલગીરિ ફેલાવી દીધી. મને તેણીએ પૂછ્યું.

"કેમ ! આજ કંઇ આમ ? મારોતો કંઇ અપરાધ નથી ને ? "

'તારો કદી અપરાધ મેં જાણ્યો નથી. આજ તું સ્વર્ગમાંથી મારે માટે તરદી લઇ પધારી-!-

"હેં ! હેં આ શું " લવલવાટ ? સ્વર્ગ શું? "

"આજ મારાં માતુશ્રીને બહેન મરી જવાના ખબર આવ્યા છે—" ફરી મેં તકેટી એક કાગળ તેના હાથમાં મુકયો. તે વાંચતાંજ ભોંયપર પડવા જતી હતી તે મેં ઉચકી લીધી. તેમની આંખમાં ચોધાર આંસુ આવ્યા. કોઇ પ્રકારે તેનું રોવું બંધ થયું નહીં.

"અરે! આજ મારાં માબાપ જીવતાં છતાં મરી ગયાં! મને તે બન્ને ઠપકો દેતાં તે મારા સુધારા માટેજ. મને કંઇ કામની આવડ ન હતી. અરે! પણ તેમણે મંદવાડનો કાગળ પણ લખ્યો! મને કહોતો ખરા બન્નેને સાથે શું થયું? કે તમે મને મારા પિતાને ત્યાં મોકલી. તે કરતાં તેમની પાસે મોકલી હોતતો તેમની ચાકરી ઉઠાવત—

મેં પડદો ખોલ્યો-પેલાં બન્ને પડદાનાં બાકાંમાં આંખો ફોડી જોઇ રહ્યાં હતાં ને સાથે રોઇ રહ્યાં પણ હતાંજ !' મેં કહ્યું. "કરો પડદો ઉંચો! ને જુઓ હવે આ સાક્ષાત નીતિની પવિત્ર મુર્તિ! શરમાઓ! તમારા શબ્દો ઉપર ! " એમ કહી બન્નેને મેં ભેદ ખુલો કર્યો. અને અભણ સ્ત્રીના મુર્ખાઇના વિચારોને **ભણેલી સ્ત્રીનો સ્નેહ** ને તેના રતુલ્ય વિચારોપર આ નાનકડા અમારા ઘરનાજ સ્ત્રી સમાજમાં એક સારૂં ભાષણ આપ્યું. તે દિવસથી પ્રિય વાંચનાર ! મારા ઘરમાં હવે કજીઆ થતા નથી.

રત્ન ગ્રંથી

અથવા.

ટુંકી વાર્તા.

વાર્તા ૩ જી.

મામાનું સાહસ.

મામાનું સાહસ.

વાર્તા ૩ જી.

અરે ભારતવર્ષ ! લક્ષ્મીની જન્મભુમિ ! પુરાતન કાળના રૂષિ મુનીઓના પવિત્ર ચરણસ્પર્ષથી પતિતને પાવન કરનારી વસુંધરા ! આ ત્હારી શી નિર્માલ્ય સ્થીતિ? ! ! .... સ્ત્રીઓ પતિને વિષમ કાળમાં સાહાય ન આપી શકે તો સાથે રહીને ;તો થાય તેટલો,' દુઃખમાં ભાગ તો કરે ! ! કેળવણીનું સાર્થક શું ?વયનું પ્રાપ્ત થવું-સમજનું આવવું —ભણેલાં—કેળવાયલાં કહેવડાવવું' એ 'તમામ વિશેષણો સાથે પતિના સુખ દુઃખમાં ભાગીયણ થવાનુંજ એક પ્રતિવ્રતા તો શોધતી રહે છે........

આવા આવા અસંખ્ય વિચારો કરતી, ગ્રીષ્મ રૂતુના મધ્યાનકાળ પછીના ત્રણ વાગ્યાના સુમારમાં, ગ્રીષ્મ રૂતુના પ્રલયકાળસમાન તાપમાં, અમદાવાદમાં ખાડીયાપાસેના ભાગમાં થઇ એક સુંદરી પસાર થતી હતી. લાવણ્યને લીધે, રસ્તે થઇને જનારા તમામ લોકો કરતાં એને તાપ વધારે લાગતો હતો; તેમાં વળી તે આગ લાગી હોયને દોડતી હોય તેમ ઉતાવળે જતી હતી. મ્હોંપર પાણીની ધારા ચાલી રહી હતી. શરીરે આભુષણો અને અલંકારો એક શ્રીમાનને છાજે તેવા હોવા છતાં પગમાં જોડા નહોતા ! " આય હીન્દુ લોકો બૈરીઓને જોરાખી કાંઇ નહીં પેરાવતા હોસે ?"

એમ એક પારસી દંપતી પાસે થઇને પસાર થયાં તેમની ટીકા તેણીએ સાંભળી. જ્યાં તેને જવું હતું તે ઘર હજુ આઘુ હતું. પગનાં કોમળ તળીઆં અગ્ની જેવી ધગતી જમીનપર દઝાતાં. વખતેવખતે દોડતી. વખતે ઓીને અઘટીત અભિનય સાથે કુદતી, વખતે છજાંની કંઇક છાયાનો આશ્રય લેતી, છેવટે તે પોતાને પિયરથી સસરાને ત્યાં આવી પહોંચી.

નણંદ ભાભીને કદી બનતું નથી! એ નિયમમાં અપવાદ તરીકે આ ચૌત્રના—જેનું ખરૂં નામ પ્રગટ કરવાને અમારે વાંધા જેવું છે, પરંતુ જેને આપણી આજની વાર્તાને માટે સરતકુમારી કહીશું. તે સરતકુમારી—ને એક સુશિક્ષિત નણંદ ઇશ્વરે આપી હતી જેનું નામ સરલાદેવી કહીશું.

" ભાભી આવા ધીગધીગતા તાપમાં કેમ આવ્યાં ? સરલાદેવીએ કહ્યું. " કાગળમાં શું હતું ?

" જુઓ આ કાગળ " કહી સરતકુમારીએ વાંચવા માંડ્યો:—

"..........જે પુરૂષો ભણેલાનો ફાંકો રાખવા છતાં
" સ્ત્રીઓને છેતરે તેમને હું ધીઃકાર આપતો. સમય એવો
" આવ્યો છે કે આજ હું તને છેતરૂં છું. મારા પિતા પાસે
" સારૂં ભવિષ્ય કહેવાય છે એ બધું ચોપડા જોતાં તુર્ત જ-
" ણાય છે. એટલે સુધી કે મારે આગળ ભણવાને માટે પૈસા
" નથી ! મારાં માતુશ્રીને અને મારી નાનકડી ભોળી પણ
" સમજુ બ્હેન સરલાને આ કાગળની ઇબારત હજુ પાંચ
" વાગે હું જણાવીશ. અને તને આ પત્ર આવતી કાલ મળશે.

" આપણા કુટુમ્બની...અને મને કહેવા દેને કે આખા
" દેશની અધમ સ્થીતી મને પરદેશ કહાડે છે. હું તારા
" આગળ શું છાનું રાખું ? પરંતુ ચાલુ ખર્ચને માટે બસેં
" રૂપિઆ પાનાચંદ શેઠને ત્યાંથી મંગાવ્યા તે આજની ટપા-

"લમાં છે. તે કાગળોએજ મારૂ મગજ ભમાવી દીધું છે "બસેં રૂપિઆ મુંબઇથી આવશે એ આશાએ તારે માટે "કાનપોરથી એક બુટની જોડ, માતુશ્રીના કહેવાથી મંગાવી "છે, તેનું સાડાસાત રૂપિઆનું વી પી. પાર્સલ આવ્યું તેને "કાલ આવવા કહ્યું છે. બીજો એક કાગળ એસ્ટ્રિયાનોછે. "મ્હેં છોકરવાદ કરી અહીંની બનાવટની કેટલીક ખાવાની "ચીજો ત્યાંના પ્રદર્શનમાં મોકલેલી, ત્યાં મને સોનાનો ચાંદ "મળ્યો છે. ત્યાંના એક ઓસ્ટ્રિયન વેપારીએ મને ત્યાં બો- "લાવવા ઘણો ઉત્સાહ ભર્યો કાગળ લખ્યો છે. આથી હું "આજ રાત્રે મુબઇ જવા ઉપડીશ. તું મારા ઘરની રાણી. "મારા ગૃહ રાજ્યની પ્રધાન થજે. મુંબઇ જઇ તુર્તુજ ગમે "તે પ્રકારે હું તારે માટે નાણાંની સગવડ કરીશ, તે વડે "તું મારાં પરમ પુજ્ય માતુશ્રીને અને મારી નાનકડી સુસીલ "બ્હેનને તારાજ અંતનાં સમાં ગણી નિભાવી લઇશ એ "મારી ખાત્રી છે. તું એક સુશિક્ષિત અબળા છે. પરંતુ "ગૃહ કાર્યમાં તારા સામર્થ્યનો મને મોટો વિશ્વાસ છે.

" હિંદુસ્તાનમાં મેં સેંકડો ઠેકાણે નોકરીઓની શોધ "કરી, પરંતુ આપણા કુટુંબના મોભા પ્રમાણે ખર્ચ જાળવી "શકાય તેવી નોકરી મને મળી શકી નહીં. હિંદુસ્તાન જેવો "દોલતથી ભરપુર મુલક હતો તેવોજ નિર્માલ્ય દશાને પ્રાપ્ત "થયો છે. હીંદમાં રહી સુખી જીંદગી ગાળવી એ હવે રહ્યું "નથી. હીંદુસ્તાનના વતનીઓને માટે પર્યટન કરવાની બુમો "પાડનારા દીર્ઘદર્શી લોકો છે. ખરા સ્વદેશ પ્રેમી છે. અમે "રીકાના મેદાનોમાં કોલોની કરીને વસવું,—હમેશને માટે હિંદુસ્તાન છોડવું—પણ માતૃભુમિના કલ્યાણ માટે હવે તેનો વિયોગ એજ સુખકર છે.

હું મારી સ્થીતિના ફેરફારો વગર વિલંબે જણાવ્યા કરીશ. તને-પણ-"યાચના" કરૂંછું કે-

"બસ બસ ! સમજી હું. હવે સારૂં થયું કે મેં ત-મને કાગળ તુર્તુજ મોકલાવ્યો. મારા ભાઇએ તો મને એમ સૂચના આપી હતી કે આ કાગળ કાલ પહોંચાડવાનો છે. મને તે કંઇ વાત સમજવામાં આવી નહીં જો તે તો મારાથી ફોડાજ કેમ ? એટલે મેં એક આ છોકરવાદ કરી તેમાં સારો ફડચો નીકળ્યો હો " ભાભી ! ચાલો હવે ત્યારે એમનીજ પાસે જઇને બધું–"

"સબુર !" મનુશંકર જે સરલાના ભાઇનું નામ હતું તે વચમાં આવી બોલ્યો " સરલા બહેન, મ્હેં તને સોંપેલા કામમાં ગફલત કરી હોં ! તમારી વાતના છેવટના ભાગ ઉપરથી હું સમજ્યો કે મારો કાગળ ધાર્યાં કરતાં વહેલો પહોંચાડયાનું આ પરિણામ છે; મારે સાંજે જવું એ નિશ્ચયપુર્વક છે, અને માતુશ્રીને તે હાલ હું કહી પણ આ-વ્યો. મારે જવાનું સાહિત્ય તૈયાર કરવામાં તેમને તું જઇ મદદ કરે એવી મારી ઇચ્છા છે—"

"અને આ દાસી બાબત આપની શી ઇચ્છા છે ?" સરતકુમારી વચમાં બોલી. સરલા ગઇ. મનુશંકરે પોતે લખેલા પત્રથી એક ગુન્હો કર્યો હોય તેમ જરા શરમાયો એટલામાં સ્નેહ-ભીતિ-ક્રોધ મિશ્રિત સહજ મોટે સ્વરે સ-રત પાછી બોલી.

"મારા પ્રશ્નનો જવાબ આપશો ?

"તારા પ્રશ્નનો ઉત્તર મેં મારા પત્રમાં આપી દીધો છે, તારા સ્વભાવની અસાધારણ મૃદુતા જોઇનેજ મેં, સ-મક્ષ બે શબ્દો બોલવા કરતાં પત્ર લખી સંતોષ માન્યોછે. આપણી સ્થીતિ જોતાં જે પગલું ભરવું મને યોગ્ય લાગ્યું તેજ મેં લીધું છે. મારા વચમાં ન આવવા જેમ બને તેમ પ્રયત્ન કરવા માટે ધૈર્ય એકઠું કરવું એ તારા જેવી સ્ત્રીનો ધર્મ છે.

કહેવાનું પત્રમાં મેં કહ્યું છે--" આટલું કહી તે અંદરના ભાગમાં ગયો. સરતકુમારી પણ પાછળ ગઇ. તેનું હૈયું ભરાઇ આવ્યું. ઘડી પહેલાં તાપમાં ચાલી આવેલી, તેથી થયેલ પસીનાનાં બિંદુ જોડે મોતી જેવાં આંસુ મળ્યાં. મનુશંકર પણ સહજ ગળગળીત થયો.

" હું માફી માગું તો સમાધાન થશે ? "

" આપની મુસીબત હું સારી પેઠે સમજુ છું. પતિને વિષમ કાળમાં પણ કનડવો એથી વધારે મોટું પાપ નથી. એટલે. હું આપ જે કરો છો તે અઘટિત છે એમ કહીને આપની લાગણી દુભવતી નથી. પરંતુ મારૂં કહેવું સાંભળો. આપની સાથે રહી આપની સેવાનો લાભ લેવા દો. આપનાં સંકટોની હું એક ભાગીયણ થઇશ. અશિક્ષિત અબળાઓ જ્યારે પતીને પર્યટન વખતે એક બોજા રૂપ થઇ પડે છે, ત્યારે સુશિક્ષિત ધર્મ પત્નીઓ પતિને માથેથી દુનિયાંનાં ઝાપટાં, સંકટો વગેરેનો અડધો બોજો ઉચકી લઇ "અર્ધાંગના" શબ્દ સાચો ઠરાવે છે. સ્ત્રીનું આયુષ્ય પતિની સેવામાંજ સમર્પણ થાય તેથી તેનો બીજો સારો ઉપયોગ નથી. "

" મારે હવે થોડા વખતમાં આટોપવાનું છે તેનું કેમ ? "

" આપની ઇચ્છા માત્ર હશે તો સર્વ થશે. માતુશ્રીની સંમતિ લ્યો, અને તે કહે તેમ કરો. "

મનુંશંકર સરતકુમારી સાથે તેનાં માતુશ્રી પાસે ગયો. ડોશીને વિદેશ જવાની વાત જરા વસમી લાગી. પરંતુ બુદ્ધિમાન સરતકુમારીએ કેટલાંક વાદવિવાદને અંતે બન્નેને જવાનું નક્કી કર્યું. મુંબઇમાં પાનાચંદ શેઠને ત્યાં ખાતું હતું, તે સિવાય એક બે ગોઠવણો મનુશંકરે પૈસા માટે કરી રાખી હતી. ડોશીએ જતી વખત એક પોતાના ગરીબ કાકાના દિકરા ઉપર સારો કાગળ લખાવી આપ્યો. મુંબઇ સુધી જવા-

માટે ડોશીનું મન તલપી રહ્યું હતું, પરંતુ ખર્ચ માટે ડોશી ને બહું બીતિ હતી ! નિરાધાર કુટુંમ્બ, આપત્તિના ભર સમુદ્રે વિખુટું પડયું. સ્ટેશન ઉપર ડોશી, દિકરાને અને વહુને ભેટીને રડી પડી. સરલાના દુખનો પાર રહ્યો નહી. પોતાના જે ભાઇ ઉપર ડોશીએ કાગળ લખી મંગાવ્યો હતો તેની સ્રી ઘણીજ સુશીલ હતી, એટલે મુંબઇમા મનુ અને સરલ રહે ત્યાં સુધી તેમને અડચણ નહિ પડે એવો ડોશીને ભરોંસો હતો.

તેઓ મુંબઇમાં ઉતર્યાં. મનુશંકરે પૈસા માટે જયાં જયાં ગોઠવણ કરી રાખી હતી ત્યાં જઇ આવ્યો—એકે ઠેકાણે કંઇ પણ પત્તો લાગ્યો નહિ ! પાનાચંદ શેઠ પણ ખસી ગયા. અને બીજે ઠેકાણેથી પણ પાછો ફર્યો. જે ઓળખીતાને ત્યાં તેઓ ઉતર્યા હતાં તેની સ્થીતિ તો વળી તેમના કરતાં પણ નિર્ધન હતી! પોતાના મામા ઉપરનો ડોશીનો પત્ર લઇ મનુશંકરે કેટલીક મુશીબતે તે ચાલી શોધી કહાડી. તેમાં તે મામાની કોટડી તપાસતાં તે મળે નહિ. આપત્તિની પરીસી· માએ પહોંચેલી—ખાવા પિવાના વખાથી યુવાન છતાં જર્જરિત દેહવાળી થઇ ગયેલી, તેની સ્રી ત્યાં બેઠી બેઠી રોતી હતી. જ્યાં જાય ત્યાં સરત મનુની જોડે જતી, . આ બન્નેને જોઇ તે સરતને ભેટી પડી ! ઓરડીમાં નજર નાંખતાંજ આ અબળાનું દુ:ખ કલ્પી શકાય તેમ હતું. તેની સ્થિતિનો ખુલાસો મનુએ પુછયો. તે ચોધાર આંસુએ તેણીએ આપ્યો.

" મને અહીં મુંબઇ જેવા ગામમાં મુકિને તે કલકત્તા ગયા છે. બે માસમાં પાછા ફરવાનું કહી ગયા હતા, તે વાત ને આજ છ મહિના થઇ ગયા ! મારા ઉપર તેમણે એક પાઇ સરખી મોકલી નથી. નીચેના માળપર મારા બે ભાઇઓ, એક કાકાનો દીકરો, તેમની વહુઓ, અને એક મોટા

ભાઇનો નાનો દીકરો એટલાં રહેતાં હતાં તે બધાં ત્રણ દિવસમાં મરકીથી મરી ગયાં! મને અભાગણીને કશુંએ ન થયું. ચાલીમાં જે રહ્યાં તેમનાં દળણાં દળી હું અત્યાર સુધી નિભાવતી, અને આ કોટડીનું ભાડું આપતી. ગઇ કાલે ભાડાવાળો ઓરડીનો તમામ સામાન કોર્ટના હુકમથી વેચાવી ગયો! ભાઇ,–"

"બસ, બસ!" સરતકુમારી અશ્રુનો વેગ રોકી બોલી "એમનું હૃદય કેવુ ક્રુર હોવું જોઇએ!"

મનુને આ દુઃખી મામીનું અસહ્ય સંકટ ભારે થઇ પડયું. તેણે તેને સાથે પોતાને ઉતારે લીધી. સરતને એને આશ્વાસન આપવાને કહ્યું બેથી ત્રણ થયાં! દુઃખી સ્થીતિ વિશેષ દુઃખકર થઇ. એના મનમાં એજ વિચાર હતો કે હાલમાં દેશી હુન્નર પરદેશમાં ફેલાવવાની જે ધુમ ચાલી રહી છે, તે વાત ખરેખર વધાવી લેવા જેવી છે. અને જે ઓસ્ટ્રિયામાંથી ચાંદ મળ્યો હતો તે ચાંદવાળા હુન્નરનેત્યાંજ રહી ખીલવવો. પેલો પરદેશી વ્યાપારી જેનો કાગળ તેના ઉપર આવ્યો હતો, તે મદદ કરશે એ આશાએ તેનું આ ત્મુકય વધાર્યું. પરંતુ બે જણને જવાની સગવડ નહતી. તેવામાં આ ત્રીજી–મામી–નજીકનું સગુ-અનાથ અબળા-સ્વભાવે ગરીબ, પવિત્ર, તેનું શું કરવું એ નવી મુસીબત આવી. મનુશંકર બહુ ગભરાયો, તેને મુંબઇમાં આશ્વાસન સ્થાન નહતું. કેટલાક વિદ્વાન-દેશાભિમાની શેઠીઆઓને પોતાની હકીકત નિવેદન કરી હતી, તેમાંથી છેવટે એક સ્વદેશાભિમાની ધનાઢય શેઠનો જવાબ સારો મળ્યો. અને બે માણુસને જવાનું ભાડું અને રૂ. ૫૦૦ રોકડા તે ગૃહસ્થે કેટલીક સરતે આપવા કબુલ કર્યા. તે સરતમાંથી મુખ્ય એ હતી કે જે હુન્નરમાંથી તેને ચાંદ મળ્યો છે તેનો વિગતવાર હેવાલ મનુશંકરે જઇ તુરત આપવો. અને જો

માગે તો એક આની ભાગ આ શેઠનો કરવો" મનુશંકર એ શેઠને જઇને મળ્યો. અને ખત લખાવી લીધું. સમક્ષ થયેલી વાતચીતથી શેઠને તેના માટે સારો અભિપ્રાય બેઠો અને રૂ. ૨૦૦, વધારે આપ્યા.

મામીનું શું કરવું એ સવાલ ઉભો રહ્યો. તેને રૂ. ૨૦૦) આપવા માંડયા, પણ મુંબઇમાં રહેવા તેણીએ સાફ ના પાડી. "મારે હવે અહીં રહેવું નથી. હું તો તમારા સાથેજ રહીશ. મને જ્યારે તે શોધતા શોધતા આવશે, ત્યારેજ તેમની પાસે જઇશ. અહીં હતા ત્યારે પણ મારી તરફની તેમની વર્તણુક ઘણી કઠોર હતી. સરતકુમારીનું આનંદી મુખડું જોઇ હું તેની સાથે દીવસ ગાળીસ. મને છોડશો નહિ મનુશંકરભાઇ, તમે મને પુત્ર તુલ્ય છો, એટલે મને ખુલાસો કરવા દો કે મારે સાતમો માસ જાય છે–"

એનાથી વધારે બોલાયું નહિ. મનુશંકર ઉભો હતો ત્યાંથી જરા આઘો ઉભો. ઘણા પરિશ્રમે રૂદન ખાળી શકયો. આ નિરાધાર સ્ત્રીને થોડા પૈસા આપી રખડાવવી નહીં એમ તેને નિશ્ચય થયો વળી તેને નજીક આવતી સુવાવડથી સૃષ્ટિમાં તેના એકના એક પાસેના સગા તરિકે તેણે તેનો ધર્મ બજાવવો જોઇએ. સરતકુમારીની સંમતિ માગી. તેણીને આ અબળાપર દયા ઘણી હતી પણ સાધન વગરની તે શું કરે? છેવટે એ બન્નેએ તેણીને સાથે લેવા વિચાર કર્યો.

"પણ સુવાવડ પરદેશમાં આવશે" મનુશંકરે કહ્યું.

"હરકત નહી, રૂપસુંદરીને પરદેશમાં નહી, વસ્તીમાં નહી, પણ જંગલમાં વનરાજ જનમ્યો હતો હું તેની સેવા ચાકરી ઉઠાવીશ"

શેઠને આજીજી કરી મામીના ખર્ચની સગવડ કરી. ત્રણે ઓસ્ટ્રીઆ જવા ઉપડયાં" નિર્ધન હિંદુસ્તાન! તારા દેશીઓને

આવી સ્થીતિમાં દેશ છોડવાનો વખત આવે છે ! ” વગેરે વગેરે તેને વિચારો આવ્યા. તેવામાં ટ્રાન્સવાલના યુદ્ધમાં સલાહ થયેલી હોવાથી, કેટલાક બોયર કેદીઓને તેમને વતન મોકલવાનો હુકમ થયો હતો તેથી તેમનાં આનંદી ટોળાં જોઇ સ્વદેશ તરફ પાછા ફરવાનો ઉલ્લાસ પ્રત્યક્ષ જોવામાં આવતાં કંઇક દીલગીરી વધી.

ઓસ્ટ્રીઆ જવાની સ્ટીમર બે ઉપાડવાની હતી. તે એક પછી એક ઉપડી. મનુશંકર વાળી સ્ટીમર પ્રથમ ઉપડી. બીજેજ દિવસે તેને દરિયાનો મંદવાડ થયો. સરતકુમારી પણ માંદી થઇ. મામીએ બન્નેની સારવાર કરી. પાંચ છ દિવસ સુધી તેમને દરિયાની મુસાફરી બહુ લાગી. પછી તેમને કંઇ લાગ્યું નહી.

સાજા થયાપછી સરતકુમારીએ મામીનો ઉપકાર માન્યો. આ વખતે તેને મામીના સ્વભાવમાં કંઇક ફેરફાર લાગ્યો. તેનો હમેશનો સંતોષી ને વાચાળ સ્વભાવ બદલાઇ થોડા બોલી યોગનીના જેવો જણાયો. મનથી સૃષ્ટિનો જાણે ત્યાગ કર્યો હોય એવા તેના ઉદ્ગારો નીકળવા લાગ્યા. સરતકુમારીનું વધારે ધ્યાન મનુશંકરની પ્રકૃતિ સંભાળવામાં હતું. અને મનુશંકરનું ધ્યાન “ પ્રદર્શન ” “ ચાદ ” “વ્યાપાર” “સ્વદેશ ” “ હાય હીંદુસ્થાન ” “ માતા ” “ બહેન ” વગેરે વિષયો ઉપર એક પછી એક—અને વખતે બધાપર સાથે અષ્ટવિધાનની પેઠે થઇ જઇ તેને ભ્રમિત ચિત્તનો બનાવી દેતું.

ઉપડયા પછી અગીયારમે દિવસે મનુશંકર સવારમાં સરતકુમારી તથા મામી આગળ કંઇ રાજકીય વિષયની વાત કહાડી તે તેમને સમજાવતો હતો. બિચારી મામી ફકત પાસેજ બેઠી હતી તેના કાન, આંખ, મન બીજેજ જણાતું હતું. મનુશંકર એની વ્યાધી સમજતો હતો, પણ તે નિરૂપાય હતો.

અને "ડૅકમાં" થી ઉંચે આકાશ સામે વખતે જોઇ ઉંડો નિશ્વાસ નાંખતો હતો, એટલામાં મામીએ સરતકુમારીને મનુશંકરથી કંઈક છાની વાત કહેવા થોડે છેટે બોલાવી.

સરતકુમારી—" શું છે ? મામી આમ અતડાં શેદ રહેતાં હશો ? "

થોડીવાર મોટા વિચારમાં પડી "કંઇ નહી" એમ કરો મામી પાછી મનુશંકર પાસે જઇ બેઠી.

મનુશંકર મામીના મનનું દુઃખ દુર કરી શકે તેમ નથી તે જાણુતો હતો. સરતકુમારીએ કંઇક બીજો વિષય ઉપાડયો, અને આ દંપતી સહજ વાતમાં ગુંથાયાં હતાં તેવે "અંબેમાતકી જે" ! ! ! એવો સ્વર મોટેથી તેમને કાને પડયો. જોત જોતામાં મામીએ ડૅક પરથી સમુદ્રમાં ઝંપલાવ્યું. ડૅકપર હાહાકાર વર્તાઇ રહયો. માણુસો—પેસેન્જરો બુમો પાડવાથી કૅપટનની કૅબીનમાંથી હોડી દરિયામાં પડી. પાણી કાળુ હતું. મોટા ઝાડ જેવડાં મોઝાં ઉછળતાં હતાં. એવામાં મામીનો કયાં પત્તો લાગે ? હોડીવાળાના કહેવાથી કૅપટને બીજી હોડી દરિઆમાં નાંખી. સ્ટીમર ચાલતી ઉભી રાખી. મામીની ભાળ લાગવામાં જેમ જેમ વીલંબ થતો ગયો તેમ તેમ મનુ અને સરત ગભરાયાં. એટલામાં સરતકુમારી જ્યાંથી મામી દરિયામાં પડી હતી ત્યાં જઇ જુવે છે તો એક નાની પોટકીને એક કાગળ જોયો. તુરતજ ઉખેડી તે વાંચવા માંડયોઃ--

સરતકુમારી ! તમને અને મનુશંકર ભાઇને હું એક કૃતઘ્ની સ્ત્રી લાગું તો ક્ષમા કરશો. દરિયામાં પડવાજ હું તમારી સાથે આવી હતી. દુઃખથી હું કંટાળી હતી. નિર્ધનાવસ્થા તો હું વેઠતી હતી. પરંતુ તમારા મામાનો મારા ઉપરનો જુલમ અસહ્ય હતો. તે મારી પાસે હતા ત્યારે પણ મને ઘડી એકનું સુખ ન હતું. મારા અનેક પ્રયત્નો છતાં તે મારાથી પ્રસન્ન

નહતા. ખેર, હવે તો હું હાથમાં છું, આ સાથે દળણાં દળીને ખાતાં વધેલા ફક્ત નવ રૂપીઆ છે, તે હિંદુસ્તાનમાં સ્ત્રી પુરૂષોનાં જોડાં સુખી થાય, જ્ઞાતિઓનાં કુંડાળાં મોટાં થાય જેથી કન્યાઓ અને વરની છત થાય ને અંતે આપણો દેશ સુખી થાય તેવો પ્રયત્ન કરનાર માણસ કોઇ ફંડ ઊભું કરે તેમાં ભરજો. એજ રંકની રંક અભિલાષા !"

બન્ને ન્હાનાં છોકરાંની પેઠે રડયાં. એટલામાં પાછળથી આવતી બીજી સ્ટીમર ઉભી રહેલી જણાઇ અને તેમાંથી એક હોડી નીચે પડી. મામી તણાતી તણાતી મોજાંથી ત્યાં નીકળી ! તે સ્ટીમરે ઉચકી લીધી. અને આ સ્ટીમરમાં પાછી તેને લીધી. પાણી બહુ પીવામાં આવ્યું હતું. બેશુદ્ધ હાલતમાં ડૅક ઉપરના એક બીછાનામાં તેને નાંખી. દાકતર આવ્યો. સારવાર શરૂ થઇ.

બીજે દીવસે મામી સુદ્ધીમાં આવી, મનુ અને સરલાએ તેને આશ્વાસન આપ્યું.

આ દુખી મંડળ ઓસ્ટ્રીયા પહોંચ્યું. મનુએ પેલા વ્યાપારી સાથે બંદોબસ્ત કર્યો હતો તેણે તેને ઉતારો આપ્યો. રસોઇ સરતકુમારી અને મામી ગમે તેવી મુસીબતમાં પણ કરતાં. મનુએ હીંદુસ્તાનમાંથી આપણી કેટલીક ખાવાની ન બગડે તેવી ચીજો, મુરબ્બા, અથાણાં, પાપડ વગેરે મોકલાવ્યું હતું. તેમાં "કુરમુરા" જોઇને આ પ્રજા છક થઈ ગઇ હતી. ચોખા આવી રીતે ફુલેજ તેનું તેમને ભાન નહતું. બીજેજ દીવસે તેણે આ ચાંદ્ર મેળવ્યો તે સાથે કેટલાક સર્ટીફીકેટો પણ મળ્યાં.

આ પરદેશી વ્યાપારીએ મનુને ખરેખર ફસાવ્યો હતો. આ વ્યાપાર બધો તેને હાથ કરી લેવો હતો. મનુશંકર તુરતજ

સમજ્યો. અને આજ વ્યાપાર ફ્રાન્સમા કરવો, એ તેને વધારે ઉચિત લાગ્યો.

તેઓ રેલ્વે મારફતે ફ્રાન્સ ઉપડયાં. આગળ દુકાન વસાવવા વગેરેમાં પૈસાની તાણ પડશે એમ મનુને લાગ્યું મુંબઇના પરોપકારી શેઠ તરફથી જવાબ આગ્યોજ હતો. ચાંદમાં ત્રણસેં રૂપિઆનું સોનું હતુ. પરંતુ તે વેચવું તેને આ વખતે ઠીક ન લાગ્યું. તેઓ ફ્રાન્સ–પારીસમાં પહોંચ્યા. દુકાન લીધી. મનુને ફ્રેન્ચ ભાષાના થોડાક બોલ માત્ર આવડતા હતા. ભાષા આવડયા પછી દુકાન જામશે એમ તેની ખાતરી થઇ. પૈસાની તંગીને લીધે પારીસના એક અજાણ ખુણામાં દુકાન લેવી પડી હતી. તોપણ બે મહિનામાં તેઓ મુંબઇની સ્થીતિએ આવી પહોંચ્યાં. ખાવાનો માલ વખતે વેચાય, વખતે પડી રહે, સડી જાય, પ્રસિદ્ધી માટે હેન્ડબીલો, ન્યુઝપેપરોના જાહેરખબરોના દર હબક ખાઇ જઇએ તેવડા હતા.

દ્રવ્યમાં હવે ફકત ચાંદ રહ્યા. અને તે વેચવાનો વખત આવ્યો. હવે મનુશંકર નિરાશ થયો. નોકરીની શોધમાં કેટલાક દરદ્રિઓની પેઠે તે પણ લાઇબ્રેરીમાં જઇ પેપર વાંચવા બેઠો અને કોઇ અંગ્રેજી પેપરમાં wanted હોય તે જોતો હતો. લેવામાં એક અંગ્રેજે તેને બોલાવ્યો ને તેની હકીકત માગી લીધી. મનુશંકરે તે યથાસ્થીત કહી.

'મારા મીત્ર!" તે ભલો અંગ્રેજ બોલ્યો, તમને ડરવાનું કંઇ કારણ નથી. જો મને બરોબર યાદ હોય તો તમારો એક વતની અહીં કરોડપતી થઇ ફરે છે. તે તમને મદદ કરશે એવો મને ભરોંસો છે; વાત એમ છે કે તેણે તમારી હકીકતથી વાકેફ થવું જોઇએ."

"તેનું સરનામું મને મહેરબાની કરી આપી શકશો?' મનુએ નમ્રતાથી પુછયું.

" શા માટે નહિં ? તેની કંપની...બજારમાં છે અને તેને રહેવાનો મહેલ... પાર્ક આગળ છે. તે એક માતબર ફ્રેન્ચ લેડીને પરણ્યો છે. તોપણ ખ્રિસ્તી ધર્મ તેણે સ્વીકાર્યો નથી. અને ઇન્ડીયાના લોકોને તે બહુ મદદ કરે છે. "

નશીબ અજમાવવાના છેલ્લા સાધન તરીકે તે ગ્રહસ્થનું સરનામું પૂછી મનુશંકર ત્યાં ગયો. હિંદુસ્તાનમાં કોઇ રાજાને ત્યાં નહોય તેટલો તેનો વૈભવ જોયો ! ઉપર જઇ શકાશે કે કેમ તેનો પ્રશ્ન થયો. ઇન્ડીયનોને જોઇને પોતાનો શેઠ ઘણો ખુશી થાય છે એવું એક નોકર સારી રીતે જાણતો હતો તેણે તેને પુછ્યું.

" ઇન્ડીયન ? ! ! "

મનુશંકરે હા કહી. વધારે વિધી વગર તેને ઉપર જવા પરવાનગી આપી. પણ અફસોસ ! એણે ઉપર જઇને શું જોયું ? એક દીવ્ય મુર્તી જેવી જણાતી ફ્રેન્ચ લેડી એક કોચપર સુતેલા મરદની છાતીપર, એક નાની રીવોલ્વર ધરી રહી હતી ! છોડવાની તૈયારીમાં હતી ! વિચાર કરવાનો વખત નહતો. પેલી લેડી જેવી " સ્પ્રીંગ " દબાવવા જાય છે, તેવોજ તેનો હાથ મનુંશંકરે જોરથી પકડયો ! એક ધડાકા જેવડો ભડાકો થતાં ટોટી સામે ભીંતમાં વાગી. પેલો મરદ જાગી ઉઠયો ! ઉભો થયો ! એને મનુશંકરે તુરતજ ઓળખ્યો.

" મામા ! હું તમારો મનુશંકર ! "

"અરે ! " " તે બોલ્યો, આ હું શું જાઉં છું. મારી નજર આગળ ! તેણે મનુને ઓળખ્યો.

" મનુ ! અહીં કયાંથી ? "

" પહેલાં આ આ તમારી વાત કરોને ? "

લેડી ઉંધુ ઘાલી એક આરામ ખુરશીમાં પડી હતી. મામાની વાતપરથી જણાયું કે, આ લેડી સાથે તેમણે લગ્ન ક-

યું હતું પરંતુ હવે તે તેને ચાહતી નહતી. અને છુટા છેડા કરવા માગતી હતી. હીંદુ લાગણીથી વીરૂદ્ધ હોવાથી તે ના કહેતો હતો. તેથી આ વખતે ખુન કરવા તે તત્પર થઇ હતી ! તેની પાસે કહેવાતી દોલત માત્ર નામનીજ હતી. અલબત કલકત્તાની એક મોટી પેઢીના આડતીયા તરીકે, તથા હીંદની ચીજોના વ્યાપારવડે તે સુખી થયો હતો. મનુશંકરને જોઇ તે બહુ શરમાયો........

મનુની સલાહ પ્રમાણે તુરતજ તેઓએ છુટા છેડા કરાવ્યા. મનુ હવે પેલાં બે જણુ પાસે પોતાના મામાને લઇ ગયો.

" મામાજી ! આ તમારી પવિત્ર અબળાની એકસોને એકવાર માફી માગો ! " સરતકુમારીએ કહ્યું.........

મામી દરિયામાં પડી, વગેરે હકીકત સાંભળતાં તેને લાગી આવ્યું, મનુશંકરને સરતકુમારી આ મહેલમાં રહેવા ગયાં. મામી સુખી થઇ. મનુશંકરને વ્યાપાર શરૂ કરવા પૈસા મળયા. મામી મનુનો કદી ઉપકાર ભુલી નહી. અઢી માસ કેડે તેને છોકરો થયો. મનુશંકરે હિંદમાંથી પત્રો લખી તમામ ખોરાકીનો સામાન, હીંદનું કાપડ, શાલો, સાટીન, જરીકામ; ભસ્મો, ચુર્ણો, હીંદનાં ચીત્રો, દવાઓ, મુરબ્બાઓ મંગાવી દુકાન મોટા બજારમાં સારા પાયાપર લાવી મુકિ. અને સુમારે છ માસ પછી મામો, મામી, તેમનું નાનું બાળક, મનુશંકર અનેસરતકુમારી, એટલાં હિંદુસ્તાનમાંથી બોલાવી લીધેલા એક હોંશીયાર યુવકને થોડા વખત માટે દુકાન શોંપી હિંદુસ્તાન તરફ પાછાં ફર્યાં.

રત્ન ગ્રંથી

અથવા.

ટુંકી વાર્તા.

વાર્તા ૪ થી.

એક બાજુ મ્હારા દેશીઓ અને એક
બાજુ મ્હારૂં માથું !!!

એક બાજુ મ્હારા દેશીઓ અને એક બાજુ મ્હારૂં માથું !!

હું એક પૈસાદાર ને ઉંચ કુળમાં જન્મ્યો હતો. પરંતુ મ્હારા દાદાએ ઘરડપણમાં સટ્ટો કરવાથી સઘળી દોલત અમે ગુમાવી બેઠા હતા. ઓછામાં પુરૂં દુકાળ આવવાથી એક મ્હોટા કુળનાં કહેવાવા છતાં રસ્તામાં રખડતા ભીખારીઓ કરતાં અમારી દશા નબળી થવા પામી હતી. મ્હારા દાદાને તો સંસાર ઉપરથી કંટાળો આવવાથી વિરકત જેવા તે બની ગયા હતા; અને આખો દીવસ એક તેમની પુજાની નાની સરખી ઓરડી હતી તેમાં ભરાઇને બેસી રહેતા, પરંતુ મ્હારા માતપિતા જરાક તક મળે કોઇ ન દેખે તેમ એક બીજાથી છાનાં છાનાં વખતો વખત ચોધાર આંસુએ અમારી સ્થીતિ સંભારીને રડતાં. હું કોલેજમાં અભ્યાસ કરતો. મ્હા મુસીબત્તે મેટ્રીક સુધી અભ્યાસ કરવાનાં નાણાં મેળવ્યાં હતાં. પણ હવે બી. એ. સુધી જવાની જીજ્ઞાસા–હિમત–ને સારિરીક સ્થીતિ હોવા છતાં એક પાઇ પણ ફી માટે ઘરમાંથી મળે તેમ ન હતું. ગુજરાત કોલેજમાં એક બેને તીન સ્કોલરશીપો હતી તે તો રોકાઇ ગઇ હતી. અમારી જૈન કોમ સ્વધર્મી બાઇઓની લાગણી માટે પ્રખ્યાત છે, અને માંડવીની પોળમાં રહેનાર સંસારમાં હોવા છતાં વિરકત જેવા એક જૈન સાધુ પુરૂષે મને એક બે જૈન ગ્રહસ્થોના છોકરાઓને હાઇસ્કુલમાં

ભણાવવા માટે કરી આપ્યું હતું, તે વડે મ્હારૂં ચોપડી કપડાંનું ગુજરાન હું નીભાવતો.

મ્હારી ઉમર ૨૫ વરસની થઇ હતી, છતાં મને પરણાવ્યો ન હતો. કારણ કે મારા દાદા એમની યુવાવસ્થામાં કરસનદાસ મુલજીના મિત્ર હતા તેથી જરાક સુધારાનો ફાંકો રાખી બાળલગ્નોની વિરૂદ્ધ હતા. ઉમર લાયક થયે મને પણ એ ઠીક લાગ્યું અને દાદાના પૈસા જોઇ મેં જાપાન જઇ ઘણા ખરચે એક સારો ઉદ્યોગ દેશમાં ખીલવવા માટે જવા વિચાર કરી મુકયો. પણ તે એમ. એ. સુધી કેળવણી લીધા બાદ. એટલામાં તો દાદાને ઊંધી મતી સુઝી અને સટ્ટામાં પૈસો ગુમાવી બેઠા.

ઘણાં પુસ્તકોના વાંચને મારામાં પર્યટનનો જુસ્સો ઉત્પન્ન કર્યો હતો, અને સ્થીતી ખરાબ આવે ત્યારે ભાન રાખી હિમત રાખવાનું મને શીખવાડયું હતું તેથી હું હીમત હારતો નહોતો. આગળ ભણવાના અને જાપાન જવાના વીચારો મારે હવે માંડી વાળવા પડયા. હું તો હવે ફકત જયાં દેખું ત્યાં નોકરી માટે અરજીઓજ કર્યાં કરતો હતો ! પણ અરે વખત ! દસમાંથી નવ ઠેકાણેથી જવાબ આવતા કે “ જગા ખાલી નથી ” ને એક ઠેકાણેથી મુળગો જવાબજ ન આવતો. છેવટે આફ્રીકામાં કરેલી અરજીનો જવાબ આવ્યો ને મેં જવા વીચાર કર્યો. આફ્રીમાં લડાઇ ચાલતી હોવાથી મારાં માબાપ મને રડી રડીને રોજ સમજાવે પણ મેં સ્થીતી જોઇ કંઇક દ્રવ્ય પરદેશથી લઇ આવવાનોજ દ્રઢ નિશ્ચય કરેલો. મેં તેમને ઘણુંએ કહ્યું કે “ આપણો દેશ તો ભીખારી થઇ ગયો છે, દસ રૂપીઆની નોકરી મળવી કઠીન છે. હું તો બે ત્રણ વરસમાં પાછો આવીશ. ” પણ તેઓ એકનાં બે ન થયાં. છેવટે મારા પિતા અમારી જ્ઞાતિના એક આગેવાન શેઠી-

યાને મળ્યા અને આ હકીકત કહી રડી પડયા. તેણે યુક્તિ સુઝાડી કે " એને પરણાવી દો. એટલે જવાનું નામ પણ નહી લે. એ તો સુખે દુઃખે દેશમાંજ પડી રહેવું સારૂં. " એક બીજા ધનાઢ્ય ગ્રહસ્થની કેળવણી પામેલી બાહોશ કુમારિકા જોડે વેવીશાળ કરી મને લાગલગો પરણાવીજ દીધો !

પણ મારો દ્રઢ નિશ્ચય ફરે ?

મારા પિતા અને માતાનું દુખ મારાથી જોઇ શકાતું નહોતું. ઓછામાં પુરૂ લગનને માટે જોઇતા પૈસા મારા સંમક્ષ ઉપાડેલા તેનો વાયદો નજીકનો હતો. મેં તો કોઇપણ ઉપાયે જવા નિશ્ચય કર્યો. રાત્રે મને ઉંઘ આવે નહી. દીવસે લાકડાના માણુસની પેઠેજ ખાવું પીવું વીગેરે કરતો, પણ રાત્રે મારે શું લઇ જવું ને ત્યાં જઇ શું કરવું એજ નિદ્રાને બદલે કામ થઇ પડતું.

હું પરણ્યો તે બાળા પંદર વરસની હતી, સૌંદર્યમાં દેવાંગના જેવી હતી. તેની નીતિ રીતિ વગેરે જોઇ મને તેના તરફ વારંવાર વધારે લાગી આવતું હતું. એના સામું જ્યારે જ્યારે જોઉ ત્યારે એકાદ અંગ્રેજી પુસ્તકમાંથી નાવિકાનું ચિત્ર એને હું આપી દેતો. આટલું છતાં એના મ્હોડામાંથી એક શબ્દ પણ મેં હજુ સુધી સાંભળ્યો નહોતો. મારા દીવસ જેમ વીચારમાં જતા તેમ તેના મુખપરથી તે પણ કંઇક ગંભીર વિચારમાંજ જણાતી હતી. રખેને તે મ્હારા આફ્રીકા જવાના વિચારો જાણી ગઇ હોય ! એ વિચાર મને એના ઉપર દયાની લાગણી ઉત્પન્ન કરતો. હું તે નિર્દોષ બાલાની નિર્દોષ હીલચાલો જોઈ રડી પડું એટલુંજ બાકી હતું,

મ્હારૂં મન આ પ્રમાણે સ્ખલિત થયેલું ફક્ત ઉપર ઉપરથીજ હતું. મારા મને પ્રાપ્ત કરેલી નિર્બંગતાનું મને ભાન હતું. મારા દ્રઢ નિશ્ચયને મારી સ્ત્રીનું રૂપ, ગુણે, વિવેક

સ્પર્ષ નહોતાં કરતાં, જો કે પળે પળે મારા હૃદયમાં તેનાં વિ-વિધ ચિત્રો પડતાં, મારા પિતા મને એમના મિત્રની સલાહ મુજબ ફેરવશે કે શું? એ પણ મને લાગતું, પરંતુ નિશ્ચય ઉપરથી હું જરા ડગ્યો નહી. નોકરીપર જવાની મુદ્દત પાસે આવી. ન પરણ્યો હત તો સારૂ એમ મને ઘણો વિચાર થયો, પણ વડીલો આગળ હું શું કરી શકું ? પરણ્યાને ત્રણ ચાર દિવસ થયા એટલે મારા સાસરાએ જાનને વિદાય કરી. અમે બધા ઘેર આવ્યા. પણ સવારમાંજ જો હું મુંબઇ ન જાઉંતો તુરતજ ઉપડતી સ્ટીમરમાં ન જવાય ને નોકરી હા-થથી જાય તેમ હતું. ઘરમાં તો બધા હજુ લગનની અધુરી ધામધુમમાં હતાં અને મેં તો જોઇતાં પુસ્તકો, કપડાં, સરસા-માન વગેરેનાં ટ્રંકો તૈયાર કર્યાં હતાં. રાત્રિના આઠ વાગ્યા. હું બાહેર એક મીત્રની પાસે આફ્રિકામાં ઓળખાણનો કાગળ લેવા ગયો હતો ત્યાંથી આવ્યો. મારા ટેબલ ઉપર એક તાજો લખેલો કાગળ જોયો! તુરતજ ઉઘાડયો:—

નાથ!—

આપણને આમ તુરતજ લખવાની અસાધારણ હિંમત માટે પ્રથમથી ક્ષમા માગું છું. આપની સ્થીતિ, અને વિચારોથી સંપુર્ણ વાકેફગાર થઇ છું. હું સદાની આપની સુખ દુઃખની ભાગીયણ છું-થઇછું- વિધીએજ બનાવી. શું આપ આફ્રીકા જેટલા દૂર દેશમાં જશો ને હું અહીં પડી રહીશ? ના. તે મને કદી શોભા આપશે નહિ. હું આપની સાથે આવવા તૈયાર થઇ છું. આપને કોઇ રીત્યે અડચણ કરતા નહિ થઇ પડું. જોઇતો જરૂરનો સામાન મેં આપના પહેલાંજ તૈયાર કર્યો છે. મારાં માત પિતાની રજા લીધી છે. આપનાં માત પિતાંનીજ માત્ર રજા લેવાની બાકી છે તે જરા પરવારે તો

હાલજ કલાક બે કલાકના વિનયપુર્વક વાદવિવાદથી હું તે રજા લઇશ ને અવશ્ય સાથે આવું છું.

લી.

આપની સદાની સોબતી

રંક દાસી.

મેં વિચાર કર્યો કે વખતે મને રોકવાની આ એક યુક્તિ બીજી રચાઇ હશે પણ મારી સ્ત્રીને પછી મેં બોલાવી બેધડક પૂછી લઇ ખાત્રી લીધી ને તેના મનનું નિર્દોષપણું, તેની મારાપરની ભક્તિ, તેનો દ્રઢ નિશ્ચય જોઇ હું તેને સાથે રાખવાના નડતર માટે તઇયાર થઇ ગયો. સવારના છ વાગતાની ફાસ્ટ પેસેન્જરમાંજ અમે બન્ને તઇયાર થયાં. કારણકે બીજા વખતે અમને આવા સંજોગોમચ્ચે સ્ટેશનપર મળવા માણસો આવે તે મને ઠીક ન લાગ્યું. અમે મુંબઇ આવ્યાં, અને મારા એક મિત્રને ત્યાં ઉતર્યાં. મારી સ્ત્રીના વિચારો તે બતાવે છે તેવા ખરેખર ઉમદા છે કે પછી તે સ્ત્રી બુદ્ધિ ચલાવે છે એ જાણવા મને વારંવાર વિચાર આવતા પણ કામ આટોપવાની ધમાલમાં મેં તે સ્ટીમરમાંજ પૂછવાનું મુલતવી રાખ્યું હતું. મારા માતપિતા જેઓ સ્ટેશનપરથી એક બાળકની પેઠે રડતાં રડતાં પાછા ફર્યાં હતાં તેમને મુંબઇથી એક કાગળ લખી અવિનય માટે માફી માગી અમે સ્ટીમરમાં વિદાય થયાં, મુંબઇનું બારૂં છોડયા પછી મેં સ્વસ્થ થઇ મારી સ્ત્રીના વિચારો જાણવા માગણી કરી.

મને આપ એક નબળા હૃદયની સ્ત્રી ધારી બેસો તો આપને સર્વે છુટ છે. અમારી–સ્ત્રીઓની આપે પુરૂષોએજ છાપ હલકી બનાવી છે તેમાં અમે નિરૂપાય છઇએ. મેં સ્ત્રીઓના ધર્મનાં તમામ પુસ્તકોમાંથી એ તારણ કહાડયું છે કે હમેશાં આપની " સાથે રહી આપની સેવા કરવી આપને

" હરકોઇ વાતે ઉપયોગી થઇ પડવું એજ અમારૂં કર્તવ્ય, " એજ અમારો ધર્મ, એમાંજ અમારી આબરૂ, એમાંજ અમને યશ છે......." આમ બોલાતા શબ્દોથી હું મને ભાગ્યશાળી માનવા લાગ્યો. આ સ્ત્રી રત્નથી હું કેવો સુખી થઇશ એ વિચારવા લાગ્યો. સુખી ઘરની સુખી મગજની સ્ત્રી મને દુઃખીને સુખી કરશે તેથી દીલાસો પામવા લાગ્યો. વળી, એના નાનાભાઇએ એને થોડોક અંગ્રેજી અભ્યાસ કરાગ્યો હતો તે જોઇ મને ઘણો સંતોષ થયો. કારણકે આફ્રિકામાં કેટલાક અંગ્રેજી મીત્રો જોડે મારે ઓળખાણુ થવાનું હતું અને તેમની સ્ત્રીઓ જોડે આને સહવાસ થાય તો મારૂં પરમભાગ્ય !

હું સ્ટીમરમાં માંદો થઇ ગયો, કોઇ દીવસ દરિયાની મુસાફરી કરેલી નહીં. ઉલટી સળેખમથી હું હેરાન થયો તે વખતે આ મ્હારી સ્ત્રીને ન લીધી હત તો મ્હારી લાસ દરીયામાં નાંખી દેવી પડત. મ્હારી સ્ત્રીના પિતાએ અમને બન્નેને સેકન્ડ કલાસના પેસેન્જર તરિકે જવાની ફરજ પાડી હતી અને તે તેણે પોતે થોમસ કુકને ત્યાંથી અમને મળે એવી સવડ કરી દીધી હતી તેથી કેપટન વગેરે મ્હારી પાસે આવતા અને અમને ઘણો દિલાસો મળતો.

આફ્રિકાના ડરબાન બંદરે અમે ઉતર્યા અને રેલવે મારફતે ટ્રાન્સવાલ પાસે ઇંગ્રેજના રાજ્યમાંના એક વિચિત્ર ગામમાં ગયાં. અમે જ્યાં ગયાં ત્યાંથી થોડે નજદીકજ લડાઇ ચાલતી હતી. જઇને તુરતજ એક ઓળખાણુ પત્ર લીધો હતો તે અંગ્રેજને ઘેર ગયાં. તેણે અમને સારો આવકાર આપ્યો ને જોઇએ તેટલો વખત રહેવા એક એલાયદી ઓરડી આપી. અમારી જોડે ભાતુ પુષ્કળ લીધેલું હતું અને તે છતાં જે જે સાધનો મળ્યાં તે વડે મ્હારી સ્ત્રીએ બની શકે તેટલી ઉની રસોઇ બનાવી અમે જમ્યા. અને નોકરી

માટેનો પત્ર લઇ હું તથા તે અંગ્રેજ મીત્ર બંને ચાલ્યા. મ્હારી સ્ત્રીને તેની મડમ પાસે મુકી. ભાગાતુટા ઈંગ્રેજીથી તેણી તેની જોડે ઓળખાણુ તો કરી ચુકી.

અમે ગયા તે માણુસ ત્યાંની એક રેલવેનો ટ્રાફીક મેનેજર હતો. તેણે એક નાનકડા સ્ટેશનના સ્ટેશન માસ્તર તરીકે મને જવા કહ્યું—મારા ઈંગ્રેજ મીત્રે મ્હારા ઇંગ્રેજી જ્ઞાન ઇત્યાદી વીષે તેને થોડુંક કહ્યું તેથી તે ખુશી થયો. મેં એજ ગામમાં નોકરી મળવા વિનંતી કરી, પણુ તે ભલા ઉપરીએ કહ્યું કે "સગવડ થયે હું તમને અહીં બોલાવી લઇશ. હાલ તમે ત્યાં જાઓ." અમે ત્યાંથી નીકળ્યા. થોડા વખતના સહવાસે પણુ મારા મીત્રની ભલી મડમે મારી સ્ત્રી જોડે ઘણી સારી ઓળખાણુ કરેલી હોવાથી ત્યાંથી એકાદ્ય નજીવા એકાંત સ્ટેજનપર જતાં અમને ઘણું લાગી આવ્યું, અમે રેલવે મારફતે ત્યાં ગયા. એક બ્રાઝીલના કંગાલ દેખાતા વતની પાસેથી મ્હેં સ્ટેશન માસ્તરની ઓફીસનો ચાર્જ લીધો. સ્ટેશન ઘણુંજ નાનું હતું. "પાનસર," 'રખીયાલ' "નાવલી" કરતાં પણુ અમને નહાનું લાગ્યું. વળી તાર માસ્તરનું કામ પણ જોડે મારેજ કરવાનું હતું. આ કામ મુંબઇમાં હું શીખેલો હતો અને મેં મારા અભ્યાસ જોડે અરજીમાં "તારનું જાણું છું" એમ જણાવ્યું હતું તે ઉપરથીજ આ નોકરી મળી હતી. ફક્ત અમારી પાસે સ્ટેશન ઉપર એકજ નોકર હતો તે તમામ પરચુરણુ કામ કરતો. ગયા તે દીવસે તો અમને ઘણોજ કંટાળો લાગ્યો, જોઇએ તે ચીજ મળે નહી! ખાવું શું? લાવવું કયાંથી? એ સવાલ થઇ પડયો. નોકર હોલાન્ડનો વતની હતો અને અંગ્રેજી ભાષા સહજ બોલી શકતો. જ્યારે સ્ટેશન ઉપર રેલવે આવી ત્યારે મેં મ્હારી મુશીબતની વાત ગાર્ડને કહી. ગાર્ડ યાહુદી હતો

અને ઘણોજ ભલો માણસ હતો. આવતી ગાડીએ મારા ખપની તમામ ચીજો તે લેતો આવ્યો, અને એક પાઇ પણ કીંમત તરીકે લીધી નહીં !

લગભગ અઠવાડીઉં અમે સુખે દુખે કહાડયું એટલે કંઇક ઘર સ્થાપીત કરવા પામ્યા. મને માલમ પડયું કે આ સ્ટેશનપર પેસેન્જરનો બીલકુલ ઉતાર નથી. કામ બીલકુલ મળે નહિ. પગાર રૂપીઆ સોનો કર્યો હતો. જેમ જેમ દીવસ ગયા તેમ તેમ અમે સુખી થતાં ગયાં. બે ટ્રેનો આવે તે વખતે જરા સાચવવાનું ને પછી નિરાંત અમો બન્ને વાતો કર્યા કરતાં. મ્હારી સ્ત્રી તેની સાથે વાંચવાની ચોપડીઓ પુષ્કળ લાવી હતી પરંતુ તે તમામ પડતી મુકી અમો એક બીજાનાં મુખમાંથી નીકળતી વાતોનું સુખ વધારે મેળવતાં. મ્હારી સ્ત્રી તે ખરેખર એક સ્ત્રી રત્ન હતું. હું તો ધારતો હતો કે સૌંદર્ય પ્રમાણે ગુણો કદીજ હોતા નથી. પરંતુ આ સ્ત્રીમાં નમ્રતા, મૃદુતા, વિવેક, મર્યાદા મને એટલાં બધી લાગી કે હું મ્હારી જન્મભુમી હીંદુસ્તાનથી આઘે હોવા છતાં ખરેખર સ્વર્ગનું સુખ અનુભવવા લાગ્યો. અમારા ચોવીસે કલાકના નીરંતર સમાગમમાં ભંગાણ ફક્ત તેના રાંધવાથી ને મારા સ્ટેશનપર જવાથીજ સહજ પડતું. મારી ઓરડીને સ્ટેશન પણ હિંદુસ્તાનની માફક લગોલગ જ હતાં.

મેં મારા અંગ્રેજ મીત્ર જેની સાથે મારે પ્રથમજ ઓળખાણ થઇ તેની સાથે પત્રવહેવાર ચાલુ રાખ્યો હતો. એક દીવસ તેનો પત્ર આવ્યો કે હીન્દુસ્તાનના વતનીઓ તરફ ટ્રેનમાંથી જતા આવતા અંગ્રેજો ધીક્કારની નજરે જુએ છે માટે અમારે બન્નેએ બનતા સુધી યુરોપીયન ડ્રેસ રાખવો. મારો બાર આની પોશાક તો યુરોપીયનજ આમ પણ રહેતો. મારે તો ફક્ત ટોપીજ ફેરવવાની રહી હતી. આ ઠેકાણે મારે

મારે જરા અભિમાન કરી લખવું પડે છે કે મારી સ્થીતી અને તેની છતાં મારા કુળની ઉચ્ચ સ્થીતીને લીધે મને ગોરા લોકોના ડ્રેસ સારી રીતે શોભી શકે તેમ હતું એટલે કે હું ગોરામાં વખતે ખપી શકું તેમ હતું. મારી સ્ત્રીનું ગોરપણું તો મડમને પણ એક બાજુ મુકી દે તેવું હતું પરંતુ તેણીએ મડમનો પોશાક રાખવામાં જરા આનાકાની કરવા માંડી, પણ તેની આનાકાની મેં છેવટ ત્યજાવી અને પેલા ભલા યાહુદી ગાર્ડ જોડે તેને બધી વાત કરી ટોપીઓ એ તથા મારી સ્ત્રીના બે સારા ડ્રેસ મંગાવ્યા, અમને આ વખતે અહીં આવ્યાને બે માસ થયા હતા. એટલે એક પ્રથમ માસના પગારમાં અમોએ બે માસ નીભાવી બીજા માસનો પગાર મારાં ભલાં માતપીતાને મેં હિંદુસ્તાન મોકલ્યો; અને તેની સાથે મારી ખુશાલીનો ખુલાસા ભર્યો કાગળ મોકલ્યો. સાંજની ટ્રેનમાં ડ્રેસ આવ્યા. રાત્રે તો એમને એમજ રહેવા દીધા, સવારમાં દાતણ કરીને બેઠો કે મારી સ્ત્રીએ પેલો નવો પોશાક પહેર્યો. કેટલીકવારે તેણીએ તે પહેર્યો. અને અમે બન્ને એક બીજા સામે જોઇ મુખ મલકાવતા ઘણીવાર બેસી રહ્યા. આ નાનકડા સ્ટેશનમાં કામ કશું ન મળે એટલે પેલો નોકર બપોરે નિર્બંધ ઉંઘતો, તેથી તેને સ્ટેશનના બંગલાની આસપાસ એક નાનકડો બાગ બનાવવાનો ઉદ્યમ મેં સુઝાડ્યો.

અમારા સુખમાં જરા પણ ખામી રહી હતી નહીં. અમે એક બીજાથી સંપૂર્ણ સંતુષ્ટ હતાં. આનંદમાં અમારા દીવસો પસાર થતા. કેટલાક ભલા ઓફીસરો જોડે અમારે ઓળખાણ પણ થઇ. કેટલીક અંગ્રેજી બાનુઓ મારી સ્ત્રીની ભલાઇને લીધે તેની મીત્ર થઇ પડી અને વખતોવખત અમને તેમની મુલાકાતનો લાભ મળવા લાગ્યો, ચહા, ફળ; મેવા અને હીંદુસ્તાનની વાતો–આટલુંજ રીફ્રેશમેન્ટ અમે તેમને

આપતાં. કારણુ કે જાતે જૈન અને વળી મારી સ્ત્રી ઘણી ધર્મચુસ્ત એટલે અમે વટલી ગયાં નહતાં. અમારી આગતા સ્વાગતાથી ઘણા અંગ્રેજો તથા મડમો ખુશ થતાં અમને પણુ તેમના આવવાથી આનંદ પડતો. અમે બન્ને જુવાન છતાં અને મારી સ્ત્રી પૈસાદાર પિતાની પુત્રી છતાં આ દુર દેશમાં પણુ પચાસ રૂપિઆમાં અમારૂં ઘર સારી રીતે આ મારી સ્ત્રી ચલાવતી અને પચાસ રૂપીઆ દર મહીને હું વતન મોકલી દેતો.

અમારા વખતો વખતના પરોણામાં અમારી રેલવેનો એક ઇન્સ્પેક્ટર અમારી પ્રસંશા સાંભળી એક વખત આવી ચડયો. અમારી મહેમાનગીરીથી તે પ્રસન્ન થયાનું ફકત મહોડેથીજ જણાવતો હોય એમ મને લાગ્યું. અંગ્રેજોની પદ્ધતિ પ્રમાણે તેણે મારી સ્ત્રીની સાથે છુટથી વાતો કરવા માંડી. તેણી ભાગાતુટા અંગ્રેજીમાં મર્યાદાથી પ્રત્યુત્તરો આપતી હતી. પરંતુ મેં તેને તુરતજ ગુજરાતીમાં ચેતાવી કે આ માણુસનાં આચરણુ સારાં લાગતાં નથી તે સમજી ગઇ. પરંતુ રેલવેનો ઇન્સ્પેકટર હોવાથી મારાથી તેને એકદમ ઘરમાંથી કહડાઇ શકયો નહી. છેવટ રાત્રે તે ગયો. પરંતુ તેની મુલાકાતો વધવા લાગી અને તે અમને બન્નેને ભયનું કારણુ થઇ પડી. આ ઇન્સ્પેકટર હોલાન્ડનો વતની હતો, અને જોઇને બીક લાગે એવો હતો. એક દિવસે તે આવ્યો. મારી સ્ત્રી જોડે વાતે બેઠો, મેં તેને ચેતાવી રાખેલી કે ઉપરી છે તેથી છેક તેનું અપમાન પણુ ન કરવું તેમ તેની જોડે ઝાઝું બેસવું બનતા સુધી ન રાખવું, તેથીજ તે બીચારી તેની જોડે વાત કરતી. તે બન્ને વાતો કરતાં હતાં તેવામાં હું સ્ટેશનપર ગયો. આ લાગ જોઇ એણે મારી સ્ત્રીને કહ્યું "હું તને ખરા દીલથી ચાહું છું અને ઘણા દીવસથી તને મારે દેશ લઇ

જવાનો ઇરાદો રાખુછું. મારી પાસે અખુટ દોલત છે. ને તું બહુ સુખી થઇશ." મારી સ્ત્રીએ ઘણાજ ગભરાટમાં તેને વિનય ને ઠપકાનું મિશ્રણ આપ્યું. એટલામાં હું આવ્યો ને ગુજરાતીમાં મ્હારી સ્ત્રીએ મને બનેલી હકીકત કહી દીધી. હીંદુસ્થાન જેવો દેશ મ્હારી જન્મભૂમિ છે. જૈન જેવી કોમમાં મ્હારો જન્મ છે એ હું પળવાર ભુલી ગયો. આ દેશનો મામલો જોઇને સ્વરક્ષણ માટે હથીઆરો રાખવાં પડેલાં તેમાંથી મ્હારી પીસ્તોલ લઇ ઉભો થયો ! ઇન્સ્પેક્ટર પાસે કશું હતું નહી, પણ તે તુરતજ ઉભો થયો, બારણા બણી ગયો, એટલે મેં જરા પીસ્તોલ ફોડવામાં ધૈર્ય રાખ્યું અને એ સામા ખેતરમાં થઇ કોણ જાણે કયાં જતો રહ્યો તે માલુમ ન પડયું. ગાડી ઉપડી ગઇ હતી.

એ ગયો કે મ્હારી સ્ત્રીએ મ્હારા કુટુમ્બના દેવાનો હિસાબ કરવા માંડયો, અને પોતાના દાગીના જે લાવી હતી તે અને જે ઘેર રાખ્યા હતા તે તમામનો સરવાળો મેળવ્યો. તેના દાગીના વેચતાં પણ બે હજારનું દેવું બાકી રહે છે એમ તેણીએ હિસાબ ગણ્યો અને તે બે હજાર રૂપિયા તેણીના પિતા પાસેથી અપાવવા એવું તેણીએ મને વચન આપ્યું. પોતાની મ્હેનતથી કમાઇને ખાવું ને દેવું પતાવવું એવો! મ્હારો આગ્રહ જોઇ તેણીને ખેદ થયો. ચિંતામાં અને ચિંતામાં તેને રાત્રે તાવ આવ્યો. તેના સુકોમળ શરીરની આ પ્રથમ વખતનીજ બિમારી ! હું એક બાળકની પેઠે રડી પડયો અને તેના તાવથી ધીગધીગતા કોમળ કરે તેણીએ મારાં આંસુ લોહ્યાં! મેં તુરતજ પેલા અંગ્રેજને કાગળ લખ્યો. એટલામાં સાંજની ટ્રેન ન આવવાથી સ્ટેશનપર ગયો. ત્યાં ટ્રેન રાતના સાડાઆઠ વાગતે અહીં આવતી હતી. જઇને ઉભો તો પેલો

ઇન્સ્પેકટર સામા ખેતર ભણીથી આવી દોડતો ફર્સ્ટ કલાસના ડબામાં પેઠો અને મારો હાથ મેળવી કહ્યું "ભલા ગૃહસ્થ હું તને ફેર મળવાનોછું. ફીકર રાખીશ નહિં." ટ્રેન ઉપડી. તે સાથે તે પણ ગયો. તેના બોલવા તરફ મારૂં લક્ષ ગયું નહિં. હુંતો મારી સ્ત્રીની માંદગીની ચિંતાથી પિડાતો હતો.

બીજે દિવસે પેલા અંગ્રેજે પોતાની સ્ત્રી મારી સ્ત્રીની સારવાર માટે મોકલી. તે મડમ જોડે ખુશ ભર્યા સમાચાર પણ મળ્યા કે મુંબઇથી બે ત્રણ ભાટિયા ગૃહસ્થની સ્ત્રીઓ તેણીના ગામમાં આવી છે, આથી મારૂં મન મારી સ્ત્રીને ત્યાં મોકલવા તેના આગ્રહથી લલચાયું અને મેં તેને આઠેક દિવસમાં પાછી ફરવાની સલાહ આપી તે મડમ જોડે પુરતી ભલામણ કરી મોકલી દીધી. એ અંગ્રેજ બાનુની ભલાઇ મને આ વખતે પણ ઘણીજ યાદ આવે છે. તે ગઇ અને હું ઓરડીમાં જઇ પ્રથમજ એકલો પડયો તેથી કે કોણ જાણે શાથી રડી પડયો. બીજેજ દિવસે મારા નોકરે એક રાત જોડેના ગામમાં તેના એક સગાને મળવા માટે રજા માગી. મને રજા આપવાનો અખતીઆર નહતો. છતાં તેને કંઇ કામ નહતું તેથી મેં તેને રજા આપી. સાંજના છ વાગ્યા. એક આરામ ખુરશીપર એક "ઝેનોની" નામનું નોવેલ લઇ હું વાંચવા બેઠો. ટ્રેનની વાર હતી. ઓરડીનાં બારણાં કાચનાં હતાં તે બંધ કરી હું ઝેનોનીની ફીલસુફીમાં ઉતરી ગયો હતો; તેવામાં જોરથી બારણું ઉઘાડવાનો અવાજ કાને પડયો. બારણું ઉઘાડયું તો પેલો વિકાળ ઇન્સ્પેકટરજ હતો !

હું ગભરાયો પણ તેણે મને ગભરાવવાને ના પાડી. તેણે મારી પાસે દારૂ માગ્યો, મેં કહ્યું હું પીતો નથી.

"ફીકર નહિ તમે ગભરાઓ નહિ તમે એકલા છો તો

તમને મદદ કરવા મારા દેશના ચાર પહેલવાનોને હું હાલ હાજર કરૂં છું; એ ઇન્સ્પેક્ટરે પોતાની લાકડી પછાડતાં કહ્યું. વળી તમને એક ખુશ ખબર કહેવાની છે. બસેં માણસોથી ભરપુર ગાડી આજના સાડા આઠ વાગતાંની ગાડી જોડેજ આવે છે. તેમાં ૧૫૦ ઇંગ્રેજો છે અને ૫૦ હીંદુસ્તાની લોક છે. બોયર લોકો જોડે તમને યુદ્ધ ચાલે છે તેટલા માટે તેમને મોકલવામાં આવે છે. કેમ ખુશ ખબર ખરીને ?"

હું તો સ્તબ્ધજ બની ગયો હતો. જવાબજ ન નીકળ્યો એટલામાં એણે એનું ભાષણ ચાલતું કર્યું "જુઓ મેં એવી એક યુક્તિ કરાવી રાખી છે–અને તે યુક્તિ પાછળ મારો ઘણો વખત ગયો છે-અહીંથી થોડે છેટે એક પુલ છે તે પુલની સાથે એક વીજળીની મદદથી મેં એવો એક વાળો ગોઠવી તેને રેલવેના સલેપાટ ઉપર મુકી રાખ્યો છે કે તે એનજીનાં પૈડાંથી કપાતાંજ આખી ટ્રેન પુલપરથી ગબડી પડશે ! પણ તેમ કરવું ન કરવું તમારા હાથમાં છે. એ તમારા દેશીઓના જીવ બચાવવા તમારા હાથમાંજ છે, (મને તે અંગ્રેજ ધારીને વાત કરતો હતો.)

મેં બહુ અજાયબ થઇ પુછયું, "તે શી રીતયે ?"

"ધીરજ રાખો"! તેણે કહ્યું "બહુ ઉતાવળ કરવાની જરૂર નથી." એટલામાં બારણું ઉઘડયું ને કદાવર શરીરના ચાર લશ્કરી જેવા માણસો દાખલ થયા.

"શું જુઓ છો ? આ ગ્રહસ્થને મદદ કરો ! તેના બન્ને હાથ એક બીજાને આલીંગન આપે એમ કરી તે બન્નેને તેના વાંસાને ભેટાડો !" કુર હૃદયના ઇન્સ્પેકટરે કહ્યું તે મુજબ પેલા રાક્ષસોએ કર્યું. મને કોટડી બાહેર લીધો, આગળ ઇન્સ્પેકટર, પાછળ મારા વાંસામાં બંધાયેલા હાથે હું અને મારી પાછળ પેલા ચાર સખસો, એમ મને પુલ આગળ લાવ્યા.

"હવે જુઓ! હું તમને સમજ પાડું!" ઇન્સ્પેકટર બોલ્યો "આ કામ જરા અઘરૂ છે, પણ તમે સમજુ છો! ને સહેલાઇથી સમજી શકશો. આ એક વાળો છે તે જુઓ!
આ સલેપાટ ઉપર મુકયો છે તે એનજીનનાં ચકો કાપશે કે કડુડુડુડુ ધુસ કરતી ટ્રેન નીચે આ મોટી નદીના પાણીમાં જવાની! પણ આ ભયંકર હોનારત તમે બચાવી શકશો. જુઓ! આ એક બીજો વાળો છે. જે તમારા શરીર જોડે આ લોકો હમણાજ બાંધશે." એમ કરી તેણે પેલાઓને સાન કરી એટલે એમણે એ વાળાથી મારૂં શરીર લાગલગુ જતરવા માંડયું, અને મારૂં માથું બીજા સલેપાટ ઉપર મુકયું. ॥ પછી માંદા માણુસની પથારી પાસે બેસી વાત કરે તેમ ઇંન્સ્પેકટર મ્હારી પાસે બેસી બોલ્યો "હવે જુઓ! જો આ તમારૂં માથું, જેને આ સલેપાટનું સુંવાળું ઓસીકું આપ્યું છે તે જો ત્યાંને ત્યાંજ રહેવા દેશો અને તેના કકડે કકડા થવા દેશો તો બીજા સલેપાટ ઉપરના પેલા વાળાના કપાવાથી ટ્રેનને જરા પણ અડચણ નહી થાય અને સહેલથી તે અહીંથી પસાર થઇ શકશે. તમારે બસેં જીવોના જાન બચાવવા કે તમારો પોતાનો ખોવો એ હવે તમારાજ હાથમાં છે એમ હું ધારૂં છું કે તમને સમજાયું હશે."

હું તેને કરગરી પડું તે પહેલાં તો તે ચાલ્યો અને અંધારામાં ગરક થઇ ગયો! હે પ્રભુ! હવે મારૂં શું ચાલે? મારૂં માથુ સલેપાટ ઉપર રહેવા દેઇ ટ્રેનને તેના ઉપરથી પસાર થવા દેવી અગર તે બસેં જાનોની ખુવારી કરવી એ બેમાથી એક વાતનો નીર્ણય કરવાનો વખત આવ્યો! અને તે થોડાકજ વખતમાં! સુમારે સાડાસાત થયા હશે તે વખતે આમ હું એકલો પડયો પડયો રહું છું! હે જગદીશ્વર! હે દીન વત્સલ! અરે જીવ! તેં શાં પાપ કર્યાં છે? કંઇ-

જ નહી. કેળવણી લઇ પરણીને અહીં આવ્યો. અરે મારી ભલી-નિર્દોષ-સ્ત્રી ! તારૂં શું થશે ! મારાં દુર દેશમાં રડતાં માતપિતા ! તમને આશ્વાસન કોણ આપશે ? અરે જો હું બચુ તો એક વખત મારી સ્ત્રીનું મુખ જોવા પામું ! હીંદુસ્તાન જાઉં મારાં માતપિતાને મળું ! આ પાટા ઉપરથી જરાક ખસી જાઉ તો મારૂં માથું સહજમાં બચી શકશે ! અને હું આમ બસે માણસોને બચાવવામાં નાહક માર્યો જઇશ ! સ્વાર્થ ! છટ ! છટ ! આ જીવ ક્યાં અમર રહેવાનો છે ? ૧૫૦ ઇંગ્રેજો, બહાદુર બ્રીટીશ પુત્રો-બ્રિટાનીયાના પુત્રો, જેણે હીંદુસ્તાનને શાન્તી આપી છે તે બ્રીટાનીયા ! અને ૫૦ મારા હીંદના માણસો ! હાય ! લખનૌ, પંજાબ, વગેરેના શીખ લડવૈયા ! એમને મારીને મારે બચવું ! અરે જૈન ! શ્રાવક ! તારી મતી કેમ ફરી છે ? બસ ! ભલે તારા માથાના ટુકડા થઇ જતા ! ભલે પછીનાંનું ગમે તે થાય ! અરે એક વખત મારી પવીત્ર પત્નીને યાદ તો કરી લઉં ! હે ! મુંબઇની કદરદાન પવીત્ર ભુમીની પવીત્ર ભાઇઓ બાનુઓ ! મ્હારી સ્ત્રી મ્હારૂં સર્વોત્તમ આભુષણ છે—અરે હવે તો હતું—તેને મુંબઇ રવાના કરજો-બસ ! બીજું શું ! ” આમ કહેતાં અડધા-એક માઇલ આઘે ધબકારો સાંભળ્યો ! “ટ્રેન આવી ! ” પ્રભુ ! “તવશરણુ” મારાં ગાત્રો બરફ જેવાં સીથિલ થઇ ગયાં. હમણાંજ મારા ટુકડા થશે એ ભીતિએ મારૂ ભાન ભુલાવ્યું ને મારૂં શરીર આગળથીજ-ટ્રેન હજુ છેટે છે એટલામાં શબબત્ બની ગયું ! હું ભાન વગરનો થઇ ગયો !

× × + + × ×

વીશેક મીનીટ હું ભાન વગરનો રહયો હઇશ. જોઉં છું તો પેલા ભલા યાહુદી ગાર્ડના હાથમાં મારા જમણા હાથની નાડ છે અને તે બોલે છે “ઉભા રહો! એને હમ-

ણુા ભાન આવશે” મને જરા શુદ્ધિ આવી જોઇ તેઓ ખુશી થયા, મેં પ્રથમ એજ પુછ્યું “હું બચ્યો શી રીતે?” એમ કહી વીતેલી બીના કહી બતાવી. ગાર્ડે કહ્યું ‘એ બાબત ખરૂ પણ તમારો શત્રુ સ્ટેશનપરની લાલ નીશાનીને લીલી ફેરવવી ભુલી ગયો હતો. લાલ નીશાની હયાતીમાં અમે ગાડી શી રીતે લાવીએ ? ” મને સમજાયું. પ્રભુએ પ્રાર્થના સાંભળી. તેનો અંતઃકરણપુર્વક ઉપકાર માન્યો. બન્ને વાળા કાપી નાંખી ગાડીને સ્ટેશનમાં લીધી. અંદરથી મારે ખપ જેટલા સોલજરો તે ભલા ગાર્ડે મારા રક્ષણ માટે આપ્યા. તેમની સાથે મે રાત્રી ગાળી, મારી સ્ત્રીને તેજ વખતે તાર કર્યો. સવારમાં તે આવી. મેં નોકરીનું રાજીનામું તારમાંજ મોકલ્યું. જાપાનનો એક ઉમેદવાર તુરતજ મારી પાસેથી ચાર્જ લેવા આવ્યો. તેજ દીવસની ટ્રેનમાં હિંદુસ્તાનમાંથી પહેલવહેલો કાગળ આવ્યો તેનાપર સરનામું અંગ્રેજીમાં હતું. ફક્ત “ લુગડાં ઉતારીને વાંચજો ” એટલું ગુજરાતીમાં કર્યું હતું. મારી સ્ત્રી તે જોઇ ગભરાઇ. મારા પીતાના ઉપર અક્ષરો હતા તેથી મને જરા ધૈર્ય આવ્યું અંદર જોયું તો મારા દાદા ગુજરી ગયેલા તે સાથે તેજ કાગળમાં સમાચાર હતો કે “મરતા પહેલા પંદર દહાડા અગાઉ તેમના કોઇ મિત્ર પાસેથી કેટલાક રૂપિઆ ઉછીના લઇ સટ્ટો કરેલો તેના બે લાખ રૂપિઆ આવ્યા છે. તેટલાની તેમની પેટીમાં કરન્સી નોટો મળી આવી છે ને સાથે તે મતલબનો પેટીમાં કાગળ છે માટે તમો હવે પરદેશ વેઠયા વગર ઘેર આવજો, “પ્રીય વાંચનાર, એ બે લાખ રૂપીઆ હું ઉડાવી દેત ! પણ પૈસાની કીમત આ આફ્રીકાના પર્યંટને શીખવેલી તેથી હું અને મ્હારી ભલી પત્ની તેજ પૈસાથી આજ સુખમાં દીવસ નીર્ગમન કરીએ છીએ અને અજાયબીને બીતીની લાગણીઓથી આફ્રીકામાં ગાળેલા દીવસો યાદ કરીએ છીએ.
